**સુવિચાર**
કોઈ કોઈને કશું શીખવી શકતું નથી. પણ વ્યકિત શીખી શકે તેવું વાતાવરણ તૈયાર થઈ શકે છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૩/૦૨/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ પોષ વદ-૮ વર્ષ : ૧૫ અંક : ૦૪૫

### ઈલેકટ્રીક લાઈનનાં પેન્ટો સિગ્નલમાં પ્લાસ્ટીક ફસાઈ જતાં

# લીલીયામોટાનાં રેલ્વે સ્ટેશન નજીક બે માલગાડી થંભી ગઈ

- ગેસ ટેન્કર ભરેલ માલગાડી રોકીને રેલ્વે ઈલેકટ્રીક લાઈન ઉપરથી પ્લાસ્ટીક હટાવવાની કામગીરી કરાઈ
- માલગાડીનાં ચાલકની સમયસુચકતાથી મોટી નુકસાનીને અટકાવી દેવામાં સફળતા મળી
- માલગાડી થંભી જતાં રેલ્વે ફાટકની બંને બાજુ ટ્રાફિકજામનાં દ્રશ્યો સર્જાયા
- ઈલેકટ્રીક વાયરમાંથી પ્લાસ્ટીક દૂર કરાયા બાદ માલગાડી આગળ ધપતા ટ્રાફિક વિખેરાયો







અમરેલી, તા. ૨
લીલીયા રેલ્વે સ્ટેશન નજીક આજે બપોરના સમયે ૨ ઈલેકિટ્રક માલગાડી ટ્રેઈન થંભી ગઈ હતી જેના કારણે લીલીયા ફાટક ઉપર વાહનોની કતાર લાગી જતાં ટ્રાફિક જામ થવા પામ્યો હતો.
આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ આજે બપોરના સમયે લીલીયા નજીક આવેલ રેલ્વેના ૪૦ અને ૪૧ ઈ ફાટક વચ્ચે ઈલેકિટ્રક લાઈન ઉપર આવેલ પેન્ટો સિગ્નલમાં પ્લાસ્ટિકના ફસાઈ જવાથી માલગાડી (અનુસંધાન પાના ૬ ઉપર)

### બાથરૂમમાં પાણી ગરમ કરવા જતાં દુર્ઘટના ઘટી

## લાઠીનાં શાખપુર ગામે ઈલેકટ્રીક શોર્ટ લાગવાથી પરિણીતાનું કમકમાટીભર્યુ મોત

**નાના એવા ગામમાં શોકનો માહોલ છવાયો**

અમરેલી, તા. ૨
મુળ ઉના ગામના વતની અને હાલ લાઠી તાલુકાના શાખપુર ગામે ભુપતભાઈ ભાયાણીના મકાનમાં રહેતા અને શિક્ષક તરીકે નોકરી કરતાં (અનુસંધાન પાના ૬ ઉપર)

### ઝેરી દવામાં પણ બનાવટ શરૂ થઈ

## લ્યો બોલો : અમરેલીમાંથી જંતુનાશક દવાનો શંકાસ્પદ જથ્થો ઝડપાયો

**બનાવટખોરો, મિલાવટખોરોને મોજે મોજ**

અમરેલી, તા. ૨
અમરેલીમાં રહેતા સાહિલભાઈ સુરેશભાઈ ટીંબડીયાએ પોતાના લાઠી રોડ ઉપર આવેલ ગણેશ પાર્ટી પ્લોટની બાજુના ગોડાઉનમાં (અનુસંધાન પાના ૬ ઉપર)







### તસ્કરોએ રાત ઉજાગરા કરવાનું બંધ કર્યુ

## વડિયાનાં અનીડા ગામે ધોળે દિ'એ ઘરમાં ઘુસીને સોનાનાં દાગીનાની ઉઠાંતરી

**પોલીસનો ડર રહ્યો ન હોય ધોળે દિ'એ ચોરી કરી**

અમરેલી, તા. ૨
વડીયા તાલુકાના અનીડા ગામે રહેતા અને ખેતી કામ કરતાં લાલજીભાઈ ઠાકરશીભાઈ વામજા નામના ૬૧ વર્ષિય ખેડૂતના રહેણાંક મકાનમાં ગત તા. ૨૬ના સાંજે પાંચેક વાગ્યેથી તા. ૩૦ના સાંજના સાતેક વાગ્યા સુધીના કોઈપણ સમય (અનુસંધાન પાના ૬ ઉપર)

### ભરબપોરે એક રહેણાંક મકાનમાં જઈને

## લાઠીનાં વીરપુર ગામે બે યુવકોએ સોના-ચાંદીનાં વાસણો ધોઈ આપવાનાં નામે છેતરપીંડી કરી

**૩૨.૪૦૦ ગ્રામ સોનું પાણીમાં ધોઈ લઈ ગયાની ફરિયાદ**

અમરેલી, તા. ૨
લાઠી તાલુકાના વીરપુર ગામે રહેતા સવિતાબેન વા/ઓ મગનભાઈ કડવાભાઈ જોગાણી નામના ૭૦ વર્ષિય વૃધ્ધા ગત તા. ૩૧ના બપોરના આશરે બારેક વાગ્યા આસપાસ પોતાના ઘરે હતા. ત્યારે આશરે ૨૦ થી ૨૫ વર્ષના બે અજાણ્યા (અનુસંધાન પાના ૬ ઉપર)









## ભારત દેશ આઝાદ થયાને ૭૭ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે ત્યારે

# દેશભરમાંથી ''પ્રજા'' શબ્દને જાકારો આપવાની જરૂર

**જયાં રાજાશાહી હોય ત્યાં પ્રજા શબ્દનો ઉપયોગ થાય, દેશની માલીક ખરા અર્થમાં દેશની જનતા છે**

**અધિકારીઓ હોય કે પદાધિકારીઓ હોય તે જનતાનાં પ્રતિનિધિ કે સેવક તરીકે ફરજ બજાવતા હોય છે**

**દેશનાં રાજનેતાઓ કે અન્ય કોઈપણ વ્યકિતઓએ હવે 'પ્રજા' શબ્દ બોલવાનું બંધ કરવું જોઈએ**

**દેશની તમામ જાગૃત્ત સંસ્થાઓ, મીડિયાજગત અને બુધ્ધિજીવીઓએ પણ આ મામલે આગળ આવવું પડશે**

અમરેલી, તા. ૨

ભારત દેશ અંગ્રેજોની ગુલામીમાંથી ૭૭ વર્ષ બાદ આઝાદ થયો અને દેશની જનતા ધ્વારા ચાલતી લોકશાહી શાસન વ્યવસ્થાથી દેશ આગળ વધી રહ્યો છે. દેશની ખરી માલીક દેશની જનતા છે નહી કે પદાધિકારીઓ કે અધિકારીઓ, તેઓ તો જનપ્રતિનિધિ કે જનતાનાં સેવક માનવામાં આવે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ પોતાને પ્રધાન સેવક માનવામાં શરમ અનુભવતા નથી તેવા સમયે ઘુટપુટ પદાધિકારીઓ અવારનવાર જયાં ત્યાં મીડિયા સમક્ષ ''પ્રજા'' શબ્દનો દુરૂપયોગ કરીને જનતાનું અપમાન કરી રહ્યા છે.

લોકશાહી શાસન વ્યવસ્થામાં દેશવાસીઓ માટે ''પ્રજા'' શબ્દને બદલે જનતા, નાગરિકો, દેશવાસીઓ જેવા માનવાચક શબ્દનો ઉપયોગ કરવો જોઈએ કારણ કે ''પ્રજા'' શબ્દ તો રાજાશાહી શાસન વ્યવસ્થામાં હતો. અત્યારે તો દેશની માલીક જનતા છે. ત્યારે દેશનાં મીડિયા જગત, જનપ્રતિનિધિઓ, જનસેવકો સહિત સૌએ ''પ્રજા'' શબ્દ બોલવાનું બંધ કરીને જનતા, નાગરિક કે દેશવાસીઓ તેવા શબ્દનો ઉપયોગ કરવો જોઈએ અને આ બાબતે તમામ દેશવાસીઓએ પણ જાગૃત થવાની જરૂર છે તે કહેવું અસ્થાને નથી.

---

### ગામજનોએ કાર્યપાલક ઈજનેરને પત્ર પાઠવ્યો

## ધારી–ઉના માર્ગને જોડતા જળજીવડી ગામનાં માર્ગની પહોળાઈ વધારવા માંગ

**માર્ગ સાંકડો હોવાથી અવાર–નવાર અકસ્માતની ઘટના**



અમરેલી, તા. ૨

ધારી તાલુકાના જળજીવડી ગામ થી ધારી તુલસીશયામ રોડ સુધીના પંચાયત હસ્તકનો રોડની પહોળાઈ ન હોવાના કારણે અવાર નવાર નાના મોટા અકસ્માતો થાય છે. જળજીવડી થી ધારી તુલશી શ્યામ રોડ સુધીના રસ્તામાં કેટલીક વ્યકિતઓએ દબાણ કરેલ હોવાથી આ રોડ એકદમ સાંકડો બની ગયેલ છે. ટુ વ્હીલર વાહનો પણ રસ્તો સાંકડો હોવાના કારણે સામે સામે અથડાઈ છે.

સાંકડો રસ્તો હોવાના કારણે મેઈન રોડ સુધી પહોચતા ઘણો સમય જાય છે અને બિમારી કે ડીલીવરી જેવા દર્દીઓને પહોચવામાં ઘણી મુશકેલી સર્જાતી હોય, આ રસ્તા પણ થયેલ દબાણ દુર કરાવવુ જરૂરી છે.

જિલ્લા પંચાયત હસ્તકનો રસ્તો દબાણકર્તાઓ ધ્વારા દબાણ કરી સાંકડો બનાવી દીધેલ હોય. ભવિષ્યમાં મોટો અકસ્માતો ન સર્જાય તેવા હેતુસર આવુ દબાણ દુર કરાવી રસ્તો પહોળો બનાવવા અંતમાં માંગ કરેલ છે.

---

## પિયાવા ગામે રકતપિત અંગે જાગૃત કરી માહિતી આપવામાં આવી



સાવરકુંડલા, તા. ૨

સાવરકુંડલા તાલુકાના પિયાવા ગામે આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે રકતપિત અંગે લોકોને જાગૃત કરવા માટે આરોગ્ય વિભાગ દ્વારા રકતપિત રોગની સંપૂર્ણ જાણકારી લોકોને આપવામાં આવી. જેમાં એમ.પી.એચ.ડબલ્યુ. પ્રકાશભાઈ હેલૈયા તથા આશા બહેનો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી અને ગ્રામજનોને એકઠા કરી તેમજ ઘરે ઘરે જઈને રકતપિત રોગ શું હોય છે, તેનાથી શું શું થઈ શકે છે અને એને નિવારવા શું શું કરવું જોઈએ. સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી અને લોકોને જાગૃત કરાયા હતા. આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે ઘણા બધા લોકો હાજર રહ્યા હતા અને આશાવર્કરો પણ હાજર રહ્યા હતા અને જહેમત ઉઠાવવામાં આવી હતી.

---

### ગાંધીના ગુજરાતમાં ગામડા સુધી દારૂ પહોંચ્યો

## સાવરકુંડલાનાં મોટા ઝીંઝુડા ગામેથી વિદેશી દારૂ પોલીસે ઝડપી લીધો

**આરોપીની શોધખોળ શરૂ કરવામાં આવી**

અમરેલી, તા. ૨

સાવરકુંડલા તાલુકાના મોટા જીંજુડા ગામે રહેતા આરોપી મુનાભાઈ કેશુભાઈ ખુમાણે પર–પ્રાંતનો વિદેશી દારૂની બોટલો તથા બીયર ટીન મળી કુલ બોટલ નંગ–૧૦૮ જેની કિંમત રૂપિયા ૨૮,૨૬૦ નો જથ્થો પોતાના આર્થિક ફાયદો મેળવવાના હેતુ માટે લાવી પોતાના બંધ પડતર મકાનના ખુલ્લા ફળીયામાં મુદામાલ રાખેલ હોવાની બાતમી પોલીસને મળતા દરોડો પાડી વિદેશી દારૂની બોટલો તથા બીયર ટીન મળી કુલ બોટલ નંગ–૧૦૮ જેની કિંમત રૂપિયા ૨૮,૨૬૦ નો જથ્થો ઝડપી લઈ આરોપી સ્થળ ઉપર હાજર મળી ન આવતા શોધખોળ આદરી છે.

---

### ગૌચરની જમીન પર દબાણ દૂર કરાતું નથી

## દામનગર : ગૌ–માતાનાં નામે મત લીધા અને હવે તેને ભૂલી જવામાં આવી

**અધિકારીઓ અને પદાધિકારીઓ કંઈક કરો**

દામનગર, તા. ૨

'સાચો વિકાસ ત્યારે ગણાશે, જયારે રોડ ઉપર રજળતી ગાય માતાને આશરો આપવામાં આવે.' સરકારે દરેક સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને સત્તા આપવી જોઈએ. ગૌચરની હજારો એકર જમીનમાં લેભાગુ તત્વો ગેરકાયદેસર કબ્જો જમાવીને બેઠા છે. ત્યારે આપણે ગાયને માતા કહીયે છીએ તેમની હાલત આપણે સૌ કોઈ જોઈએ છીયે. કાયદો અને નિયમો હોવા છતાં ગૌચરની જમીન ઉપર કબ્જો જમાવીને બેઠેલા અસામાજિક



તત્વો બેફામ બની ગયા છે..!! જે અધિકારીઓને સત્તા છે તેઓએ આવી જમીન ખુલ્લી કરાવી હેરાન–પરેશાન થતી ગાય માતાને ચરવાની સરળતા રહે અને સરકારે દરેક ગામમાં પશુઓની વસ્તી પ્રમાણે ગૌ અને નંદી શાળા બનાવવા માટે ગ્રામ પંચાયત અને નગરપાલિકાના સત્તાધીશોને સત્તા આપતો કાયદો સત્વરે બનાવવો જોઈએ એવી પ્રબળ માંગ ઉઠી છે.

---

### નાયબ દંડક કૌશિક વેકરિયાના હસ્તે

## વડિયાના સનાળી ગામે રૂપિયા ૧૦ લાખનાં વિકાસ કાર્યોનો પ્રારંભ

**ગામજનોમાં ખુશીનો માહોલ**





તસ્વીર : જીતેશગીરી ગોસાઈ–વડિયા

વડિયા, તા. ૨

સનાળી ગામે સ્મશાન જવાના રસ્તે નદી ઉપર ધાબી કોઝવે નવો બનાવવામાં આવશે સાડા ચાર લાખના ખર્ચે તૈયાર કરવામાં આવશે.

બીજી તરફ સનાળી ગામે ડાભી પરિવાર ના માતાજીના મંદિર પાસે અઢી લાખ રૂપિયાના ખર્ચે નવો બ્લોક રોડ બનાવવામાં આવશે.


જયારે આ જ ગામમાં મફતપરા વિસ્તારમાં ત્રણ લાખ રૂપિયાના ખર્ચે સીસી રોડ બનાવવામાં આવશે. આ તમામ કામોનું ખાતમુહૂર્ત ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા દ્વારા કરવામાં આવ્યું છે. આ તકે મનિષભાઈ સંધાણી, ગોપાલભાઈ વસ્તપરા, સનાળી સરપંચ ગીરીશભાઈ, પ્રકાશભાઈ મોવલીયા, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર, તાલુકા પંચાયત કારોબારી ચેરમેન તુષારભાઈ ગણાત્રા, છગનભાઈ ઢોલરીયા સહિતના ગ્રામજનો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

---

### દરેક વર્ગને ફાયદો મળે તે ધ્યાને લેવાયુ

## સા.કુંડલાનાં ધારાસભ્ય મહેશ કસવાલા દ્વારા ગુજરાત સરકારનાં વિકાસલક્ષી બજેટને આવકાર

**મુખ્યમંત્રી અને નાણામંત્રીનો આભાર માન્યો**







લીલીયા, તા. ૨

ગુજરાતની અભૂતપૂર્વ વિકાસયાત્રાને 'સેના સાથ અને સેના સહકાર' થકી વધુમાં વેગવાન બનાવવાના પાવન સંકલ્પ સાથે રાજયના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દૂરગામી માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૨૪–૨૫' માટે ૩ લાખ ૩૨ હજાર ૪૬૫ કરોડની રકમ સાથે રાજયનું જનકલ્યાણકારી અને સર્વસમાવેશક નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા રજૂ થયેલ બજેટને આવકારદાયક છે. પ્રત્યેક વ્યકિત, વર્ગ, વિસ્તાર, ક્ષેત્ર અને સમાજના સર્વાંગીણ તથા સમાવેશક વિકાસને આવરી લઈ નાણામંત્રી દ્વારા પ્રસ્તુત ગુજરાતનું આ બજેટ 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત'ના સંકલ્પને આગળ વધારવા સહિત જન–જનની આશાઓ અને અપેક્ષાઓને પરિપૂર્ણ કરવામાં નિશ્ચિતપણે સહાયક સિદ્ધ થશે તેવો મને વિશ્વાસ છે.

---

### બજેટને આવકારતા જિલ્લા ભાજપ અગ્રણી રીતેશ સોની

## વિકસિત ભારતનાં આહ્વાનમાં ૨૦૪૭ સુધીના રોડ મેપ સાથેનું ગુજરાતનાં ઈતિહાસનું સૌથી મોટા કદનું બજેટ

**ગરીબ, યુવાન, નારી શકિત અને અન્નદાતાને બજેટમાં પ્રાધાન્ય**


અમરેલી, તા. ૨

આજે ગુજરાત વિધાનસભામાં વર્ષ ૨૦૨૪–૨૫ નું બજેટ નાણામંત્રી કનુભાઈ દેસાઈએ રજૂ કર્યું, અત્યાર સુધીના ગુજરાતના ઈતિહાસમાં સૌથી મોટા કદનું બજેટ રજૂ કરવામાં આવ્યું.

આ બજેટમાં ૨૦૪૭ સુધીના રોડ મેપ સાથે ગરવી, ગ્રીન, ગ્લોબલ અને ગુણવંત ગુજરાતના સપના સાથેનું બજેટ રજૂ કરવામાં આવ્યું છે, જેમાં ગરીબ, યુવાન, નારી શકિત અને અન્નદાતા માટે પ્રાધાન્ય અપાયું છે.

બજેટમાં સામાજિક સુરક્ષા, માનવ સંસાધન વિકાસ, આંતર માળખાકીય સુવિધા, આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ અને ગ્રીન ગ્રોથ એ પાંચ સ્તંભોનો સમાવેશ કરી ગુજરાતના નાગરિકોની સુખાકારી માટે પૂરતો પ્રયત્નો કરવામાં આવ્યો છે.

નમો લક્ષ્મી યોજના અંતર્ગત સરકારી અનુદાનિત કે ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતી પાત્રતા ધરાવતી ૧૦ લાખ કરતા વધારે દીકરીઓને ધોરણ ૯ અને ૧૦ માં અભ્યાસ માટે ૧૦ હજાર રૂપિયા અને ધોરણ ૧૧ અને ૧૨ માં અભ્યાસ





કરતી દીકરીઓને ૧૫ હજાર રૂપિયા સહાય ચૂકવવામાં આવશે. જેનાથી દીકરીઓના શિક્ષણમાં વ્યાપ વધશે વધુ દીકરીઓ શિક્ષણ મેળવતી થશે.

બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક ધિરાણ અને સહાય યોજનામાં ૬૦૦ કરોડથી વધારે રકમની જોગવાઈ કરવામાં આવી છે. જેનાથી બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓ ગુણવત્તા સભર શિક્ષણ આ સહાયથી મેળવી શકે અને વધુ ઉચ્ચ અભ્યાસ સાથે આગળ વધી શકે તેવા હેતુથી રાજય સરકાર દ્વારા બજેટમાં આ રકમની જોગવાઈ કરાઈ છે.

ગુજરાત સરકારના આ આત્મ નિર્ભર બજેટમાં શહેરી વિકાસ, ગ્રામ વિકાસ, આદિજાતિ વિકાસ, વાહન વ્યવહાર, ઉર્જા–પેટ્રોલિયમ, સિંચાઈ, શિક્ષણ, સામાજિક ન્યાય, પાણી પુરવઠો, નાના – મધ્યમ અને મોટા ઉદ્યોગો, પશુપાલન વ્યવસાય, માર્ગ મકાન વિભાગ, ગ્રામ્ય સુરક્ષા, યુવા પ્રવૃત્તિઓ ગૃહ વિભાગ વિગેરે જેવા તમામ આધાર સ્તંભોનો ગુજરાતના સર્વાંગી અને સર્વ સમાવેશી વિકાસ માટે
બજેટમાં સમાવેશ કરાયો છે.

ગુજરાતના આ આત્મનિર્ભર અને વિકાસશીલ બજેટને અમરેલી જિલ્લા ભાજપના અગ્રણી રીતેશ સોનીએ આવકાર્યું છે, સાથોસાથ ગુજરાત રાજયના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાણામંત્રી કનુભાઈ દેસાઈ અને તેમની સમગ્ર ટીમને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા છે.

---

### પ્રદેશ કિસાન મોરચાનાં મહામંત્રી હિરેન હિરપરા કહે છે

## ગુજરાતનું બજેટ ખેતી, શિક્ષણ, ગામડાઓ સહિત તમામ ક્ષેત્રનો વિકાસ કરશે

**ખેતી અને ખેડૂતોના વિકાસ માટે ૨૨ હજાર કરોડથી વધુ રકમની ફાળવણી**

અમરેલી, તા. ૨

ગુજરાતરાજયનાંમુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સરકાર ધ્વારા અમૃતકાળનું આત્મ નિર્ભર બજેટ સરકાર ધ્વારા રજૂ થયેલ છે. જેમાં ગુજરાતના સર્વાંગી વિકાસ કરવાની ભાજપની નેમ વ્યકત થઈ છે. તેમ ગુજરાતભાજપકિસાનમોરચાના પ્રદેશ મહામંત્રીહિરેનહિરપરાએજણાવ્યુંછે.

ગુજરાતના આત્મનિર્ભર બજેટમાં ખેતી, શિક્ષણ, આરોગ્ય, માર્ગ–મકાન, પ્રવાસન, સામાજિકન્યાય અને અધિકારીતા સહિતના રાજયના વિકાસ માટેના આધારસ્તંભ વિભાગો આવરીલેવાયાછે. આબજેટ ૩.૧ લાખ કરોડ રૂપિયાનુંરજૂથયુંછે. જેમાંગતવર્ષ બજેટ કરતા ૫૭ હજાર કરોડ જેવી માતબરરકમનોવધારોકરાયોછે. કૃષિ, ખેડૂતકલ્યાણઅનેસરકારવિભાગથકી રાજયનાખેડૂતોનાઅનેખેતીનાવિકાસ માટે ૨૨ હજાર કરોડથી વધુ માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે. રાજયમાં સાત નવી મહાનગર પાલિકાઓની જાહેરાત થતાં જેનાથી રાજયનાવિકાસનેવેગમળશે.

રાજયમાં દીકરીઓના શિક્ષણને ધ્યાને રાખીને સરકારી અનુદાનિતઅનેખાનગીમાધ્યમિકઅને ઉચ્ચત્તમ માધ્યમિક શાળાઓમાં અભ્યાસકરનારીઅનેપાત્રતાધરાવતી ૧૦ લાખ દીકરીઓને ધોરણ ૯ અને ધોરણ ૧૦ માટે વાર્ષિક ૧૦ હજાર તેમજ ધોરણ ૧૧ અને ૧૨ માટે વાર્ષિક ૧૫ હજાર સહાય આપવામાં આવશે. આ નમો લક્ષ્મી યોજનાનાં અમલીકરણથી દીકરીઓનું અભ્યાસ સ્તર સુધરશે.

આમઆબજેટતમાક્ષેત્રના વિકાસ માટે સર્વાંગી અને શ્રેષ્ઠ સર્વ સમાવેશીબજેટછે. તેનેગુજરાતભાજપ કિસાન મોરચાના પ્રદેશ મહામંત્રીએ આવકારીઅભિનંદન પાઠવ્યાછે.

---

## અમરેલીનાં યુવા કોંગી નેતા ડો. મોહનીશ ગોંડલીયાનો ૬ ફેબ્રુઆરીએ લગ્નોત્સવ



અમરેલી, તા. ૨

અમરેલી વિધાનસભા યુવક કોંગ્રેસ પ્રમુખ ડો.મોહનીસ ગોંડલીયા તારીખ ૦૬/૦૨/૨૦૨૪ ના રોજ પ્રભુતામાં પગલાં પાડવા જઈ રહ્યા છે, ત્યારે આ શુભ પ્રસંગે રાજકીય સામાજિક આગેવાનોના આશીર્વાદ પ્રાપ્ત કરી અને તમામ સ્નેહીજનો ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવશે. તેમ અખબારી યાદીમાં જણાવેલ છે.

## વિપક્ષી નેતાઓ લાજ કાઢીને બેઠા હોય જનતા જનાર્દન મેદાનમાં આવી

# દેશનાં પાટનગર દિલ્હીમાં ''ઈવીએમ'' હટાવવાની પ્રચંડ માંગ

**ઈવીએમ સામે અનેક પ્રશ્નો સતત ઉપસ્થિત થઈ રહ્યા હોય બેલેટ પેપરથી ચૂંટણી કરાવવા માંગ કરવામાં આવી**

**સુપ્રીમ કોર્ટનાં વકીલો સહિત મોટી સંખ્યામાં જાગૃત નાગરિકો અને હજારોની જનમેદની બેલેટ પેપરથી ચૂંટણીની કરે છે માંગ**

**લોકશાહી દેશની સૌથી મહત્વની ગણાતી ચૂંટણીની પ્રક્રિયા પારદર્શી, તટસ્થ અને વિશ્વાસુ હોય તે જરૂરી**

**આગામી દિવસોમાં જાગૃત નાગરિકો દ્વારા સમગ્ર દેશમાં બેલેટ પેપરથી ચૂંટણી કરાવવાની માંગ શરૂ કરાશે**



અમરેલી, તા. ૨

દેશભરમાં જયારથી વિધાનસભા અને લોકસભાની ચૂંટણી ઈલેકટ્રીક વોટિંગ મશીન એટલે કે ઈવીએમથી શરૂ થઈ છે ત્યારથી ઈવીએમ સામે શંકાની સોયતાકવામાં આવી રહી છે. ૨૦૦૯માં ભાજપનો પરાજય થતાં ભાજપનાં કદાવર નેતાઓ એલ.કે. અડવાણી, નરેન્દ્ર મોદી વિગેરેએ વિરોધ વ્યકત કર્યો અને હવે દેશનાં અન્ય વિપક્ષી નેતાઓ ઈવીએમથી પ્રમાણીક રીતે ચૂંટણી થતી નથી તેવો આક્ષેપ કરી રહ્યા છે.

દેશમાં ઈવીએમથી થતી ચૂંટણી પ્રક્રિયા પારદર્શી બને તે માટે વર્ષ ૨૦૧૭ બાદ યોજાયેલ વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં વીવીપટનો ઉપયોગ શરૂ થયો તો તેમાં વધુ વિવાદ શરૂ થયો છે. દેશનો ટેકનોકેટ અને અમેરિકાનાં શિકાગો સ્થિત સામ પિત્રોડાએ પણ ઈવીએમથી થતી ચૂંટણીમાં ગોલમાલ થઈ શકે તેવી આશંકા વ્યકત કરી છે.

દરમિયાનમાં સુપ્રીમ કોર્ટનાં વકીલ ભાનુપ્રતાપ, મહમંદ પ્રોચા, પ્રભાંત ભુષણ તેમજ અન્ય બુધ્ધિજીવીઓ, નિવૃત જજ સહિત સૌ કોઈ વીવીપેટ અને ઈવીએમથી ચૂંટણી સામે શંકા દર્શાવીને લોકસભાની ચૂંટણી બેલેટ પેપરથી થાય તેવી માંગ કરી રહ્યા છે.

જે અંતર્ગત તાજેતરમાં દેશનાં પાટનગર દિલ્હી ખાતેનાં જંતરમંતર મેદાન ઉપર વિશાળ સંમેલન યોજાયું હતું અને જેમાં આગામી ચૂંટણી બેલેટ પેપરથી કરાવવાની માંગ કરવામાં આવી હતી અને આગામી દિવસોમાં પણ આક્રમક આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી છે.

બીજી તરફ દેશનાં ચૂંટણી આયોગે પણ દેશભરમાં હજારો કર્મચારીઓને કામે ચડાવીને ઈવીએમથી થતી ચૂંટણી પ્રમાણીકતાથી થઈ રહી છે તેમની સમજાવટ શરૂ કરી છે.

આમ ઈવીએમથી થતી ચૂંટણી સામે દેશનાં લાખો દેશવાસીઓને શંકા થઈ રહી છે. છતાં દેશનાં કોંગ્રેસ સહિતનાં મુખ્ય વિપક્ષી નેતાઓ ઈવીએમને લઈને કોઈ નિવેદન કરતાં ન હોય દેશવાસીઓમાં પણ આશ્ચર્ય ફેલાઈ રહ્યું છે.

## ગીરકાંઠાનાં ગામોમાં રાનીપશુઓથી ફફડાટ

# ખાંભાના રેવન્યુ ભગવતીપરા વિસ્તારમાંથી આતંક મચાવનાર દીપડો પાંજરે પુરાયો

**પાકનું રક્ષણ કરવું કે જીંદગીનું તે સમજાતું નથી**

ખાંભા, તા. ૨

ખાંભાના તુલસીશ્યામ રેન્જના પીપળવા રાઉન્ડના ખાંભા રેવન્યુ બીટના ભગવતીપરા રહેણાકી વિસ્તારમાં છેલ્લા એક માસથી દીપડાએ આતંક મચાવ્યો હતો અને એક માલિકના ડોગ પર હુમલો કરી ડોગને મોતને ઘાટ ઉતાર્યો. ત્યારે ડોગ માલિક લવજીભાઈ માધાભાઈ દેવેરાએ વન વિભાગને જાણ કરતાં વન વિભાગના આરએફઓ રાજલ પાઠક અને વન વિભાગ સ્ટાફ સહિત ઘટના સ્થળે



પહોંચ્યો હતો અને પાંજરૂં મુકવામાં આવ્યું હતું. ત્યારે મોડી રાત્રે દીપડો પાંજરે પુરાયો હતો અને સ્થાનિકોએ રાહતનો ાસ લીધો હતો.

## રૂપિયા ન આપતા મારામારી કરી

# ધારીનાં દલખાણીયા ગામની મહિલા અને તેના પતિ ઉપર ભાઈ, ભાભી અને ભત્રીજાનો હુમલો

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૨

ધારી તાલુકાના દલખાણીયા ગામે રહેતા મુમતાજબેન વલીભાઈ મકરાણી નામના ૪૦ વર્ષિય મહિલા પોતાના ઘરે હોય. ત્યારે તેમના મોટા ભાઈ મુન્નાભાઈ ઘુઘાભાઈ બ્લોચ તથા તેમની પત્ની રેહાનાબેન મુન્નાભાઈ બ્લોચ તથા તેમનો દીકરો સાહીલભાઈ મુન્નાભાઈ બ્લોચ એ ત્રણેય મહિલાના ઘરે આવેલ અને મુન્નાભાઈએ મહિલાને કહેલ કે મેં તારી પાસે પૈસા માંગ્યા હતા તે કેમ ન આપ્યા ? જેથી મહિલાએ કહેલ કે મારી પાસે પૈસા નથી, તો કેમ આપુ ? તેથી તેણીના ભાઈ મુન્નાભાઈ પોતાની બહેનને જેમ ફાવે તેમ ગાળો આપી આ ત્રણેય ઈસમોએ હાથમાં ચોરસ આકારના લાકડાના બટકા લઈને આવેલ અને તેણીના ભાઈએ બહેનના માથામાં બેથી ત્રણ ઘા લાકડાના બટકા વડે મારેલ અને સાહીલભાઈએ લાકડાના બટકા મહિલાને ડાબા હાથની કલાઈ તથા જમણા પગના ગોઠણ પાસે એક ઘા મારેલ. જેથી મહિલાના પતિ વલીભાઈ મકરાણી વચ્ચે પડતા મુન્નાભાઈએ તેણીના પતિને લાકડાના બટકા વડે બે ત્રણ ઘા મારી દીધેલ અને આરોપીએ મહિલાને કહેલ કે આજે તો તમે બચી ગયા છો હવે ધ્યાન રાખજો નહીતર જાનથી મારી નાખીશુ. મહિલાને માથાના ભાગે છ ટાંકા આવેલ અને ડાબા હાથની કલાઈ પર ફ્રેકચર આવેલ અને તેણીના પતિને મુંઢ ઈજા કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

# સાવરકુંડલા : પૂજ્ય બજરંગદાસ બાપાની ૪૭મી પુણ્યતિથિની ઉજવણી



સાવરકુંડલા, તા. ૨

બગદાણા વાળા બાપાસીતારામ તરીકે જાણીતા સંતશ્રી બજરંગદાસ બાપાની ૪૭મી પુણ્યતિથિની ગામો ગામ ઉજવણી થઈ ત્યારે સાવરકુંડલામાં પારેવાઘર પાસે પણ નવનિર્મિત બાપા સીતારામના મંદિર ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ પુણ્યતિથિની ઉજવણી થઈ બજરંગદાસ ગૌ સેવા સમિતિ દ્વારા કરવામાં આવી હતી. બાપા પ્રત્યે જેને શ્રદ્ધા અને વિાસ છે તેવી ધર્મ પ્રેમી જનતા અને નાના ભૂલકાઓને મહાપ્રસાદ અપાયો હતો. જયારે પૂજન અર્ચન અને ગાય માતાને ૨૦૦ કિલો લાપસી આપવામાં આવી હતી અને આ ૪૭ પુણ્યતિથિની સંધ્યાએ હનુમાન ચાલીસાના પાઠ અને ધાર્મિક ઉત્સવ ઉજવાયા હતા. આ તકે સમગ્ર સાવરકુંડલા શહેરમાંથી મોટી સંખ્યામાં ધર્મપ્રેમી ભાઈઓ, બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## હજારો-કરોડોનું બજેટ જાહેર થાય તેનો ફાયદો કયારે મળશે

# ખાંભાનાં સરકારી દવાખાનાનાં વર્ગ-૪નાં આઉટસોર્સિંગ કર્મચારીઓને પગાર દેવામાં ઠાગાઠૈયા

**૩ થી ૪ માસનો પગાર બાકી હોય કર્મચારીઓ પરેશાન**

ખાંભા, તા. ૨

ખાંભા સામૂહિક આરોગ્ય કેન્દ્રના આઉટસોર્સિંગ વર્ગ -૪ ના કર્મચારીઓના ખાંભા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાંભાના ગરીબ અને મધ્યમ વર્ગના કર્મચારીઓનો ત્રણ માસથી પગાર થયો ન હોવાથી તેઓને ઘર ખર્ચ માં મુશ્કેલી પડવાથી પરિવાર સહનું ગુજરાન ચલાવવું આ મોંઘવારીના સમયમાં મુશ્કેલ બનવા પામેલ છે. વર્ગ ૪ ના પગાર ચૂકવતી એજન્સી બદલાઈ હોવાથી પગાર થવામાં વિલંબ થયો હોય આપની કક્ષાએથી યોગ્ય કાર્યવાહી કરી સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાંભા સહિત જિલ્લાના તમામ કર્મચારીઓનો પગાર વહેલી તકે થાય તેવી કાર્યવાહી કરવા માંગ ઉભી થઈ છે.

## કોમ્પ્યુટર ઓપરેટરની એક ભૂલનાં કારણે

# આલેલે : સા.કુંડલાનાં લુવારામાં તમામ ગામજનોની અટક ''બગડા'' થઈ ગઈ

**આઉટસોર્સિંગ ભરતીનાં પાપે છબરડાની ભરમાર**

**(પ્રતાપ ખુમાણ, સાવરકુંડલા)**

સાવરકુંડલા, તા. ૨

ટેકનોલોજીના યુગમાં ચારે બાજુ ઓનલાઈન નામની ધમાચકડી મચી છે.અખબારોની દુનિયામાં પ્રિન્ટમાં એકાદ અક્ષર કે એકાદ શબ્દમાં ભૂલ થાય તો તેને 'મુદ્રા રાક્ષસ' કહેવાય છે. એવી રીતે ટેકનોસેવી જમાનામાં કમ્પ્યુટર ઓપરેટર એટલે જાણે વિધિના લેખ લખનાર.

'વિધાતા' એ ધારે તો અર્થના અનર્થ કરી નાખે અટક બદલી જાય,નામ કે પિતાનું નામ વિચિત્ર લખી નાખે. ઠીક છે, માણસથી કયારેક ટાઈપિંગમાં ભૂલ થાય પણ તમે કયાંય સાંભળ્યું છે કે આખે આખા ગામની અટક બદલી જાય...?!!

તમામે તમામ ગામ વાસીની એક જ સરખી અટક હોય..?! આવો અદ્‌ભુત ચમત્કાર કરી નાખ્યો છે, સાવરકુંડલા મામલતદાર ઓફિસમાં રેશનકાર્ડ કામગીરી સંભાળનાર કમ્પ્યુટર ઓપરેટરે. તાલુકાના લુવારા ગામના રેશનકાર્ડ ધારકો જેની સંખ્યા એકબે નહીં પણ ૨૭૦ જેટલી થવા જાય છે. તે તમામે તમામની અટક બગડા કરી નાખી છે ..! નવાઈની વાત એ છે કે અવારનવાર ગ્રામ પંચાયતના સભ્યો દ્વારા રજૂઆત કરવા છતાં સુધારો કરાતો નથી. આ બાબતે ગ્રામવાસીઓએ ધારાસભ્ય કાર્યાલયમાં પણ અગાઉ રજૂઆત કરેલ છતાં આ કમ્પ્યુટર ઓપરેટર દ્વારા હજી સુધી સુધારાની કામગીરી કરાઈ નથી. રેશનકાર્ડ એટલે એક અગત્યનો ડોકયુમેન્ટ છે એટલે આધાર પુરાવા તરીકે કોઈપણ જગ્યાએ રજૂ કરવું પડે ત્યારે અટક ફેરને કારણે અસંખ્ય કામો લોકોના અટકી પડે છે ત્યારે આ બાબતને તાકીદની ગંભીરતા લઈ જવાબદાર અધિકારીઓએ તાત્કાલિક આ પ્રશ્નનો નિવેડો લાવવાની જરૂર છે.





ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦















# વાર્તા–વૈભવ

## ટિકિટ (વાર્તા)

– ધર્મેન્દ્ર ત્રિવેદી

(ગયા અંકનું ચાલુ)

એ ત્રણનંબરના પ્લેટફોર્મ પર જઈને ઊભો રહ્યો. ટોળાંના ગણગણાટમાં તેના વિચારો ડૂબવા લાગ્યા. ગામડિયાઓના મેલાઘાણ કપડામાંથી ફેલાઈ રહેલી પરસેવાની ગંધ તેને ઘેરી વળી. આ ગંધની સાથે સાથે આવતી અણગમાની લાગણીએ તેને ખિન્ન કરી દીધો. તેને થયું કે ઘરેથી એકાદુ પુસ્તક સાથે લીધું હોત તો બસમાં પ્રવાસ સહ્ય બની જાત. તેણે આજુબાજુ પ્રયાન કેન્દ્રિત કર્યું. બાંકડે બેઠેલા લેંઘા ઝભ્ભાવાળા એક યુવાન અને પોપટી સાડી પહેરેલી યુવતીની વચ્ચે બેસીને પાર્લે–જી ઝાપટી રહેલા શેડાળા બાળકને જોઈને તેના પેટમાં ગુડગુડિયા બોલવા લાગ્યાં. તેને યાદ આવ્યું કે બસની લ્હાયમાં પોતે નાસ્તો કરવાનું પણ ભૂલી ગયેલો. એ બાળકે જયારે પોતાનું બિસ્કીટનું પેકેટ માની સાડીમાં છુપાવ્યું ત્યારે તેને ભાન થયેલું કે પોતે અકરાંતિયાની માફક બિસ્કીટને બાળકના મોંમાં જતું, ચવાતું અને ગળા નીચે ઉતારાતું જોઈ રહેલો.

સંકોચ સાથે તેણે નજર ફેરવી લીધી. પગવાળીને બેઠેલા પાઘડીયાળા ભાભલાઓના માથે ઘૂમરાતા બીડીના ગોટા, ખેતરના બોરમાં ડૂબી ગયેલી મોટરનો ખરખરો, પોતાને જોઈ રહેલા યુવાનોની વાત કરતી ગામડાંની ગોરીઓ વચ્ચે એ એકલો પડી ગયો હતો. એકાએક ડેપોના પાર્કિંગમાંથી એક બસ રોકેટની જેમ નિકળી અને રિવર્સમાં ત્રણ નંબર પરલાગી. પેસેન્જરો ઊભા થઈને દોડ્યા. તેણે બસની પાછળની બારીમાં લાગેલા પાટિયા પર નજર નાખી, વડીયા વંચાયુ અને તેને ફાળ પડી અને ઊભા ઊભા જવું ન પડે તે માટે એણે પણ બસના દરવાજા તરફ આંધળી દોટ મૂકી. લાલ–પોપટી સાડલા, મેલાઘેલાં લેંઘા–ઝભ્ભા, ચોઈણીઓ અને શેડાળાં છોકરાઓની પ્રસરી રહેલી વાસના દરિયામાં જાણે તરતો હોય એમ તે માંડમાંડ બસમાં પ્રવેશ્યો. નજીકમાં નજીક જયાં જગ્યા મળી ત્યાં બેસી પડ્યો.

બસ હકડેઠઠ ભરાઈ ગઈ એટલે ઉપડી. નાનું બસ સ્ટેન્ડ અને ગામનું હનુમાનપઢ ગયું એટલે બારીમાંથી આવતા પવને સેને રાહત આપી. ખીચોખીચ ઉભેલા મુસાફરો વચ્ચેથી ચમત્કારિક રીતે જગ્યા કરીને બસના છેવાડે પહોંચેલા કન્ડક્ટરના પંચનું પ્રશ્નાર્થ ટકટક ટકટક અને જવાબમાં મુસાફરોનું બે ઉજળા, અઢી કુકાવાય નજીક ને નજીક આવતું ગયું. કંડક્ટર એની પાસે આવ્યો અને એના મોં સામે ટકટક કરીને આંખોથી પ્રશ્ન પૂછ્યો. તેણે વટથી ખિસ્સામાંથી દસની કાઢીને કંડક્ટરની આંખમાં આંખ નાખીને કહ્યું એક વડીયા. સમજાય નહીં એ રીતે કાણા પાડેલી બે ટિકિટ આપી અને કંડક્ટરે તેને ચાર રૂપિયા પાછા આપ્યા. એ ઘડીક ટિકિટ સામે અને ઘડીક બે–બેની બે નોટો સામે જોઈ રહ્યો. પછી કંડક્ટરની બાંય ખેંચી અને પોતાની હથેળીના ચારરૂપિયા દેખાડીને કહ્યું,

બાકીના બે ક્યાં?

દસની નોટમાંથી છની ટિકિટ, બાકીના સ્યાર તો દીધા . . .

એણે કંડક્ટરને કહ્યું ટિકિટના વધી ગ્યા કે શું? અમરેલીથી વડીયાની લોકલમાં કાયમ ચાર જ થાય છે. કંડક્ટરે બસના પાટિયા સામે હાથ કરીને કહ્યું જોઈને બેહતા હો તો, આ ડોહી લોકલ નથી, એસ્પ્રેસ છે. લાલ પાટિયું નો જોયું?

એના તો જાણે બારે વાણ ડૂબી ગયાં. માના શબ્દો એના મનમાં ઘુમરાવા માંડ્યા જાવાની ટિકિટના ચાર, અને આવવાના ચાર, તોય બે વધશે. એની અંદર બે વધશે, બે વધશે, બે વધશે. એવા પડઘા પડવા લાગ્યા, પરસેવાનો એક રેલો એના ભવાં ઉપરથી ઉતરીને એની આંખમાં ગયો, એની બળતરાએ એ પાછો ભાનમાં આવ્યો. પહેલાં તો એને મા પર ખૂબ દાઝ ચડી કે બાપાનો આટલો પગાર છે, ઘરના ભાડા નથી ભરવાનાં, તો શું કરવા આમ ગણી ગણીને પૈસા આપતી હશે? પણ એક વિચાર એના મનમાં ઝબુક્યો અને એ હળવો થઈ ગયો. એણે જાતને જ કહ્યું બાપા બેઠા છે ને... જમવાનું તો બાપા ભેગું છે, અને હવે પાટીયુ જોઈને બેહીશ, લોકલમાં વળતાની ટિકિટ ચારની જ થાશે. મેંય ખાલી ખાલી ટેન્શન વધાર્યું અને એના મોં પર એક હળવાશ ભર્યુ સ્મિત ફરી વળ્યું.

**************

લગભગ દસેક વાગે એ બસમાંથી ઉતર્યો. વડીયા આમ તોતાલુકા પ્લેસ કહેવાય, પણ હતું મોટા કદનુ ગામડું. ગામની આરપાર નિકળતા એક માત્ર રસ્તા સિવાય વિકાસની પ્રતિક્ષામાં રહેલું આ મોટું ગામડું વેસ્ટર્ન થ્રિલર ફિલ્મોમાં જોવા મળતા ભેંકાર ગામો જેવું જ ઉજ્જડ. ખાલી કહેવા પૂરતાં બસ સ્ટેન્ડની બન્ને તરફ મુખ્ય બજારનો આભાસ કરાવતી ગણીગાંઠી દુકાનોની હરોળ હતી. એકાદ પાનબીડીની, એકાદી ચાની લારી અને ટ્રાવેલ્સની બુકિંગ ઓફિસને બાદ કરતાં બાકીની દુકાનો સસ્તા ભોજનાલય, ગાંઠિયા જલેબી અને ચેવડા–ચવાણાના સ્ટોલ જ હતાં. તળાઈ રહેલા વણેલા ગાંઠિયાની સુગંધે બાપાની ઓરડી તરફ આગળ વધી રહેલા તેના પગમાં ઝડપ આવી ગઈ. થોડે દૂર ગલી વળતાં જ ત્રીજા નંબરની ઓરડી બાપાની છે અને ત્યાં રોટલી કે પરોઠા શાક તો મળી જ રહેવાનું છે, આ વિચારે તેને પેટમાં થોડું સાઢં લાગ્યું.

ગલીના નાકેથી જ એની નજર ત્રીજો દરવાજો ખુલ્લો છે કે નહિ તે પામવા મથમણ કરી રહી. એક દરવાજો, બીજો દરવાજો અને લ્યો આ ત્રીજો આવી ગયો. વરસાદ અને તડકો ખાઈને રંગ ગુમાવી બેઠેલા બરછટ લાકડાના બેય કમાડ ચસોચસ બિડાયેલા હતાં. કમાડના ઉપરના ભાગે બારસાખની કડીમાં લોખંડની સાંકળ ચડાવેલી હતી અને ત્યાં તાળુ લટકતું હતું. એનો જીવ અદ્ધર થઈ ગયો, તેણે બે દરવાજા વચ્ચેની તિરાડમાં નજરનાખીને અંદર જોયું. અંદર એક ખૂણામાં પથારીનો વીંટો પડેલો દેખાયો, બાજુમાં પુસ્તકોના ખડકલા પડ્યા હતા અને રૂમમાં આવેલી ચોકડીમાં એઠાં વાસણો દેખાયા.

તેણે થોડી વાર ઊભા રહીને આસપાસ જોયા કર્યુ, પરંતુ શું કરવું તેની કંઈ સમજ ન પડી એટલે તેણે બાજુની ઓરડીના ઉઘાડા બારણે ટકોરા માર્યા. એક આધેડ સ્ત્રીએ દરવાજા પાછળથી ડોકિયું કર્યુ. તેણે હિંમત કરીને પૂછી જ લીધું કે, બાજુમાં રે છે ઈ મગનભાઈએ ઘરની ચાવી દીધી છે ? (ક્રમશઃ)

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**




## ભાતીગળ સૌરાષ્ટ્ર

### જાફરી મઝાર

(ગયા અંકનું ચાલુ)

અમરેલીમાં જેસીંગપરામાં વડી અને ઠેબી નદીના કિનારે ઓલિયા મૌલાઈ જાફરજી સાહેબની દરગાહ આવેલી છે. આ દરગાહ આશરે ૨૦૦ વર્ષ પુરાણી હોવાનું મનાય છે. ભાઈબંધ કોમના લોકો મૌલાઈ જાફરજી સાહેબમાં આસ્થા ધરાવે છે અને મઝાર પર આવીને પોતાની અકીદતમંદી વ્યકત કરી ધન્યતા અનુભવે છે. મુલ્લા જાફરજી જીવાજી સાહેબ ઉચ્ચ કોટિના આધ્યાત્મિક હસ્તી હતા. વોહરા સમાજનાં ૪૨ અને ૪૩મા ગાદી અધિપતિ પણ તેમને સન્માનતા હતા. લોકો પોતાની સમસ્યાનું સમાધાન શોધવા માટે ૩, ૧૦, ૨૧ કે ૪૦ દિવસ અહીં રોકાવાની મન્નત માનતા હતા.

આવા લોકોને રહેવા માટેની અહીં વ્યવસ્થા કરી આપવામાં આવતી. અહીં કાયમી રસોડું પણ ચાલતું હતું. મુલ્લા જાફરજી સાહેબની પુણ્યતિથિ ૨૩ જમાદીલ અવ્વલનાં રોજ અહીં ગામ–પરગામથી હજારો શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે. તેઓ હીજરી ૧૨૧૦માં વફાતથયા છે.





– તુરાબ 'હમદમ'

## સરદાર ઉધમસિંહ

**સરદાર ઉધમસિંહ**
જન્મ :૧૬ ડિસેમ્બર, ૧૮૯૯
વીરગતિ : ૩૧ જુલાઈ, ૧૯૪૦

ઉધમસિંહનું માતા – પિતાએ આપેલું નામ શેરસિંહ હતું. તેઓ પોતાને રામ મહંમદ સિંહ આઝાદ કહેવડાવવાનું પસંદ કરતા હતા. તેમનો જન્મ ૧૬ ડિસેમ્બર, ૧૮૯૯માં પંજાબના સંગરૂર જિલ્લાના સુનામ ગામમાં થયો હતો. વીર ઉધમસિંહ ૮ વર્ષના હતા ત્યારે તેમનાં માતા–પિતાનું મૃત્યુ થતાં અનાથ બની ગયા. અનાથાશ્રમમાં મોટા થયા. અનાથાશ્રમમાં તેમનું નામ ઉધમસિંહ પડયું. ૧૯૧૯ના જલિયાંવાલા બાગમાં થયેલ અમાનુષી નર સંહારના તેઓ પ્રત્યક્ષ સાક્ષી હતા. ત્યાં તેઓ બધાને પાણી આપવાની સેવા કરી રહ્યા હતા. જનરલ ડાયર કે જેના હુકમથી આ નરસંહાર થયો હતો તેને સેવાનિવૃત્તિ પછી લંડનમાં નાગરિક અભિનંદનથી નવાજવામાં આવ્યો અને ૨૦,૦૦૦ પાઉન્ડની રકમ ભેટ આપવામાં આવી. આ વાત ઉધમસિંહને કઠી રહી હતી. ઉધમસિંહે નરસંહાર પછી તરફડતા અને મરતા અહિંસાના દૂતોને જોયા અને ત્યારથી જ તેમણે જનરલ ડાયરને ખતમ કરવાનો સંકલ્પ કર્યો હતો. તેઓ અન્ય ક્રાંતિકારીઓને મળ્યા. ગદર પાર્ટીના સભ્ય બન્યા અને સંકલ્પપૂર્તિ માટે ધન ભેગું કર્યું.



કારણ કે હથિયાર પણ જોઈતાં હતાં અને લંડન જવાનું હતું. તેમના આ પ્રયત્નને કારણે ગેરકાનૂની હથિયાર રાખવાના ગુનામાં તેમણે ૮ વર્ષ જેલવાસ પણ ભોગવ્યો હતો. તેમ છતાં તેઓ પોતાના સંકલ્પમાં અડગ રહ્યા. તેમનું લક્ષ્ય હતું લંડન પહોંચી જનરલ ડાયરને ખતમ કરવો. તેઓ ઝિમ્બાબ્વે, આફ્રિકા, બ્રાઝિલ તથા અમેરિકા થઈને ઈંગ્લેન્ડ પહોંચ્યા. ત્યાં કામ કરીને ધન એકત્ર કર્યુ અને ૬ ગોળીઓ વાળી રિવોલ્વર ખરીદી. એક વખત જનરલ ડાયર સામે મળ્યો પણ તેમણે વિચાર્યુ કે તેને મારે ભરી સભામાં જ મારવો છે, તેથી જવા દીધો. આખરે ૧૩ માર્ચ, ૧૯૪૦માં એક સભાનું આયોજન થયું. જેનો મુખ્ય અતિથિ ડાયર હતો. એ સભામાં ઉધમસિંહ પહોંચી ગયા. પોતાની રિવોલ્વર પુસ્તકમાં સંતાડેલી રાખી હતી. તેઓ તકની રાહ જોતા હતા અને તેમને એ અવસર મળી ગયો. ખૂબ જ શાંતિથી તેઓ ડાયરની પાસે પહોંચ્યા. જનરલ ડાયર તેમને એક બે ક્ષણ એમ જ જોઈ રહ્યો અને ઉધમસિંહે ગુસ્સા સાથે રિવોલ્વર માંથી ધડાધડ ગોળીઓ વરસાવી દીધી. જનરલ ડાયરનું ઢીમ ઢળી ગયું અને ઉધમસિંહનો સંકલ્પ પૂર્ણ થયો. સામે ચાલીને તેઓ પકડાયા અને આપણા દેશને સંદેશ આપ્યો કે રાષ્ટ્રના અપમાનનો બદલો લેવા હિન્દુસ્તાની ક્રાંતિવીર કોઈ પણ હદે જઈ શકે છે. ડાયરની હત્યા બાદ તેમને પકડી લેવામાં આવ્યા હતા અને ૩૧ જુલાઈ, ૧૯૪૦ના રોજ તેમને ફાંસી આપી દેવામાં આવી.

લંડનની ધરતી પર આ મહાન ક્રાંતિવીરે પોતાના આત્માને મા ભારતીના ચરણે ધરી દીધો. ઉલ્લેખનીય છે કે વર્ષો પછી જુલાઈ, ૧૯૭૪ના રોજ તેમનાં અસ્થિ ભારત લાવવામાં સરકારને સફળતા મળી હતી.




## રમકડાંની દુનિયા

### શિશુવંદના

– ગિજુભાઈ ભરાડ

બાળકો માટે રમકડાં એક આગવી દુનિયા છે, એ તુરંત જ રમવા લાગે છે. એ રમકડાંને તોડવા એ તો એની રમતનો જ એક ભાગ છે અને લઘુકવયે તો નવું અને તૂટેલું રમકડું એને મન સમાન છે. હા, અતિપરિચિત કરતા એને નાવીન્યમાં વિશેષ રસ પડે છે. જે રીતે એ રમકડાંથી રમે છે એ જ રીતે પશુઓ અને પક્ષીઓ એને પોતાની વધુ નજીક લાગે છે. આસપાસની સૃષ્ટિમાંથી એ પોતાની રમતની આવી લાલા શોધ્યા કરે છે. એટલે જ બાળક સાથે બાળક બનીને જે રમે છે તેને જ એ પોતાનું એ હાસ્ય આપે છે. બાકીના માટે રૂદનનાં પ્રમાણપત્રો એ સતત વહેતા રાખે છે. જે માતાને બાળક .સાથે રમકડું બની જતા આવડે છે તેનમાં વાત્સલ્યની અધિક ધારા પ્રગટે છે. પિતાનાં પુરુષ પ્રધાન ચહેરાને બાળક થતાં ઠીક ઠીક વાર લાગે છે અને એ કારણે બાળપણમાં પિતાથી પડેલું અંતર ઘણીવાર આજીવન અંતર જ રહે છે. પરંતુ કેટલાક પિતામાં રમકડું બની જવાની ક્ષમતા, તૈયારી અને એ આનંદ લેવાની આવડત હોય છે. એ જ કારણસર એનું પિતા સ.ાથે માતાની સરખામણીમાં તાદાત્મ્ય વધે છે. વિરાટ કોર્પોરેટ હાઉસોનાં માલિકો જો પોતાના સંતાનોનાં શૈશવમાં પોતે શિશુ બનીને ભળી ન શકે તો એના હાથમાં પોતાનો અણમોલ વારસો મૂકી શકતા નથી. પુરુષે પોતાના સંતાનોને સંપત્તિ અને સમૃદ્ધિ સોંપતા પહેલા એની જિંદગીનાં આરંભકાળથી એના ડગલે ડગલે ચાલવાનું હોય છે તો જ એ બાળકો આગળ જતા પિતાના ડગલે ડગલે ચાલીને વિરાટ સામ્રાજયોનાં અધિપતિ બને છે. રમકડું એ બાળક સાથેનો આપણો એક અજાયબ સેતુ છે, રમકડાને તૂટવા દેજો, પણ એ સેતુને તૂટવા ન દેતા.

## ગ્રહોની સહેલ

(ગયા અંકનું ચાલુ)

"મને જોતા જ એવું લાગ્યું કે અહી કોઈ રહેતું નહીં હોય." વિનય બોલ્યો.

હવે તેઓ સુર્યમંડળનાં સૌથી મોટા ગ્રહ ગુરૂ પર આવી પહોંચ્યા. ગુરૂ ઉપર તેઓ સરખી રીતે ચાલી પણ શકતા ન હતા. એલિયને કહયું કે તે સુર્યમંડળનો પાંચમો ગ્રહ છે. અને તે મુખ્યત્વે હાઈડ્રોજનથી ભરેલો છે.

ગુરૂ ગ્રહને જોઈને તેઓ આગળ જતા હતા ત્યાં વલય જેવું દેખાયું. વિનયે કહયું કે આ શું દેખાય છે ?

એલિયને કહયું : "આપણે ત્યાં જઈએ તને બધું સમજાઈ જશે."

"જો આ સુર્યમંડળનો છઠ્ઠો ગ્રહ શનિ છે. ગુરૂ પછી બીજો સૌથી મોટો ગ્રહ છે. તે વલયો ધરાવે છે. તે બરફનાં કણોથી બનેલો છે." એલિયન બોલ્યો.

હવે તેઓ યુરેનસ ગ્રહ પર જાય છે.

એલિયન સમજાવતાં કહે છે કે, આ યુરેનસ ગ્રહ સુર્યમંડળનો સાતમો ગ્રહ છે. ગ્રીક સંસ્કૃતિનાં આકાશનાં દેવતા યુરેનસ પરથી તેનું નામ રાખવામાં આવ્યું છે.

"તું થાકી તો નથી ગયો ને વિનય." એલિયન બોલ્યો.

"ના ના મને ગ્રહોની સફર કરવામાં વધુ મજા આવે છે." વિનય બોલ્યો.


"તો તો હવે આપણે થોડું જોઈ લઈએ. તને કામ આવશે." એલિયન બોલ્યો.

બંને પાછા અવકાશી સફરમાં આગળ વધ્યા. અને એક ગ્રહ પર જઈને ઉભા રહયા. વિનયે કહયું કે આ કયો ગ્રહ છે ?

એલિયને જવાબ આપતાં કહયું કે આ નેપ્ચ્યુન છે. તે સુર્યમંડળનો આઠમો ગ્રહ છે. તે એક બાહ્ય ગ્રહ છે. તે વાયુનો બનેલો છે. ગ્રીક દંતકથાનાં સમુદ્રનાં દેવ નેપ્ચ્યુન પરથી તેનું નામા રાખવામાં આવ્યું છે.




જો આગળ દેખાય તે પ્લુટો છે. આપણે ત્યાં જવાની જરૂર નથી. કારણ કે હવે તેની ગણના ગ્રહમાં થતી નથી. એલિયન બોલ્યો.વિનયે કહયું કે મને ગ્રહની યાત્રા કરવાની ખુબ જ મજા આવી. હવે હું મારા ઘરે જવા ઈચ્છું છું. અછાનક વિનય સેટી પરથી નીચે ધડામ કરતાં પડી ગયો. શું થયું શું થયું કરતાં તેની મમ્મી દોડી આવ્યા. વિનયે આંખો ખોલીને જોયું તો તે સેટી નીચે પડયો હતો. તે હસીને ઉભો થઈ ગયો.



**બાલમિત્રો,**

ગઈ કાલે કયું પર્વ ઉજવ્યું ? વાહ બરાબર, આ જાનવી ભારે ઉતાવળી, એને બધી જ ખબર હોય, આમ તો બધાં જાણતો ન હતો. ૨૬મી જાન્યુઆરી ખરૂને ? એ ઉત્સવ આપણો રાષ્ટ્રીય ઉત્સવ છે. તમે તો જાણતો જ હશો બાળમિત્રો કે ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ના શ્વાસે આપણાં દેશનું બંધારણ અમલમાં આવ્યું ત્યારથી આપણો દેશ ગણતંત્ર દેશ ગણાય છે. આપણાં બંધારણનાં ઘડવૈયાઓમાં બાબા સાહેર આંબેડકર પણ હતા.

આપણને આઝાદી પછી અને અત્યારે આઝાદ દેશમાં આપણે શ્વાસ લઈ રહયાં છીએ. આપણે દરેક રીતે સ્વંતંત્ર છીએ. આપણને બંધારણની રીતે વાણી સ્વાંતંત્ર્ય, પ્રવાસ, લેખન, રહેઠાણ, અભ્યાસ,નોકરી વિગેરેનું સ્વાતંત્ર્ય છે. આપણને કાયદાનું પણ રક્ષણ થયેલ છે. સામાન્ય રીતે દરેકને રોટી–કપડાંને મકાનની સુવિધા પણ યોગ્ય રીતે દેશમાં થઈ રહી છે.

આ રાષ્ટ્રીય પર્વ પહેલાં ૨૨મી જાન્યુઆરીએ અયોધ્યામાં શ્રીરામની મૂર્તિ પ્રતિષ્ઠાનો ભવ્ય ઉત્સવ ઉજવવામાં આવ્યો. આપણો સૌ યથાયોગ્ય તેમાં સહભાગી બન્યો આમ આપણો ભારત દેશ ઉત્સવપર્વ છે.

## અકબરી લોટાએ કમાલ કરી ! (હાસ્યકથા)

(ગયા અંકનું ચાલુ)

પંડિતજીએ કાનમાં વાત ચાલુ રાખી,' હા જનાબ ! સોળમી શતાબ્દીની વાત છે. બાદશાહ હુમાયુ શેરશાહથી હારીને સિંધનાં રેગિસ્તાનમાં ભટકી રહ્યો હતો, ત્યારે તરસથી તેનો જીવ જવાની તૈયારીમાં હતો. એ સમયે એક બ્રાહ્મણે આ લોટાથી જ પાણી પાઈને તેનો જીવ બચાવ્યો હતો. હુમાયુ પછી અકબર દિલ્હીશ્વર થયો ત્યારે તેણે એ બ્રાહ્મણને શોધીને આ લોટો લઈ લીધો અને તેનાં બદલે સોનાના દસ લોટા બ્રાહ્મણને આપ્યા.

આ લોટો સમ્રાટ અકબરને બહુ જ વહાલો હતો, અને તે વજુ પણ તેનાથી કરતો ! સન સત્તાવન સુધી તો તે શાહી ઘરાનામાં હતો પણ તે પછી તે લાપત્તા થઈ ગયો. કોલકતાનાં મ્યુઝિયમમાં આ લોટાનું પ્લાસ્ટરનું મોડેલ રાખેલું છે. ખબર નહીં, કે આ લોટો આ માણસ પાસે કેવી રીતે આવ્યો ? મ્યૂઝિયમવાળાઓને જો ખબર પડે તો હજારો રૂપિયા આપીને + પણ ખરીદી લે !

આ વાત સાંભળતા અંગ્રેજની આંખો પર, લોભ અને આશ્ચર્યનો એવો પ્રભાવ પડ્યો કે તેની આંખો કોડીના આકારની મટીને પકોડીના આકારની થઈ ગઈ. તેણે પંડિતજીને કહ્યું, 'તમે આ લોટો લઈને શું કરશો ? મને પણ પ્રાચીન ઐતિહાસિક ચીજોનો સંગ્રહ કરવાનો શોખ છે. મને તે લોટો લઈ લેવા દ્યો !'

પંડિતજીએ કહ્યું, 'તો આ લોટાની હરાજી કરીએ, જે વધુ પૈસા આપે તે લઈ જાય !

'બરાબર છે', અંગ્રેજે કહ્યું, 'તમે પચાસ આપો છો તો હું તેના સો રૂપિયા આપીશ.

'મારા દોઢસો' પંડિતે કહ્યું.

'મારા બસ્સો' અંગ્રેજે ચઢાવો કર્યો.

'તો હું અઢીસો આપું છું, એમ કહીને પંડિતજીએ અઢીસોની નોટો લાલાજી તરફ ફેંકી.

પેલા અંગ્રેજે જોશમાં કહ્યું, હું પાંચસો આપું છું. પંડિતજીએ અફસોસ સાથે પોતાના રૂપિયા ઊઠાવી લીધા અને કહ્યું, લઈ જાવ, લોટો તમારો થયો, કેમકે મારી પાસે રૂા. અઢીસોથી વધુ નથી.'

આ સાંભળતા જ સાહેબનો ચહેરો પ્રસન્નતાથી ખીલી ઉઠ્યો અને ઝટ દઈને લોટો ઉઠાવી અને કહ્યું, 'હું હવે હસતો હસતો મારા દેશ જઈશ. મેજર ડગલસની ફિશીયારી સાંભળી મારા કાન પાકી ગયા હતા.'

'આ મેજર ડગલસ કોણ છે ?' પંડિતજીએ પૂછ્યું. અંગ્રેજે કહ્યું, 'મેજર ડગલસ, મારા પાડોશી છે. પુરાણી ચીજોનો સંગ્રહ કરવામાં મારી અને તેની હરીફાઈ ચાલે છે. ગયા વર્ષે તે અહીં આવ્યા ત્યારે જહાંગીરી ઈંડુ લઈ ગયા હતા. તેઓ ગર્વ કરે છે કે હિન્દુસ્તાનથી આવી દુર્લભ ચીજ તે જ લાવી શકે છે.'

'પણ આ જહાંગીરી ઈંડુ શું ચીજ છે?' પંડિતજીએ પૂછ્યું લોટાથી ઘવાયેલા અંગ્રેજે પગ પંપાળતા પંપાળતા કહ્યું, 'તમે તો જાણતા જ હશો કે નુરજહાં અને જહાંગીરની વચ્ચે એક કબૂતર સંદેશાની આપ–લે કરતું હતું.

શહેનશાહ જહાંગીર તે કબૂતરનાં એક ઈંડાનું જતન કરી એક કાચની હાંડીમાં રાખી હંમેશા મહેલમાં ટાંગેલું રાખતો. આ ઈંડુ જહાંગીરી ઈંડા તરીકે પ્રસિદ્ધ થયું અને આ જ ઈંડાને મેજર ડગલસે, ગયાં વર્ષે, એક મુસલમાન સજ્જન પાસેથી ત્રણસો રૂપિયામાં ખરીદ્યું હતું.

'ઓહોહો.... આમ વાત છે ?' પંડિતજીએ આશ્ચર્યથી કહ્યું, 'તો તો આ અકબરી લોટો ઈંડાને જરૂર ટક્કર મારશે !' ૧૬

'હા, પણ હવે મેજર ડગલસ મારી સામે બડાઈ નહીં હાંકી શકે, કેમકે મારો અકબરી લોટો તેનાં જહાંગીરી ઈંડાથી પણ એક પેઢી જૂનો છે.' આમ કહી મૂર્ખ અંગ્રેજ પગનો દુઃખાવો પણ ભૂલી ગયો અને પોલીસ સ્ટેશને જવાની વાત તો સાવ વિસરીને લાલાજીને પાંચસો રૂપિયા આપી પોતાના રસ્તે પડયો. લાલાજીના ચહેરા પરછ દિવસની વધેલી દાઢીનો દરેક વાળ પ્રસન્નતાથી લહેરાઈ રહ્યો હતો. તેણે પંડિતજીને પૂછયું 'તમારી પાસે કાંઈ હતું નહીં, તો અઢીસો રૂપિયા ક્યાંથી લાવ્યા ?' 'આ ભેદ મારા સિવાય ઈર જ જાણે છે.' પંડિતજીએ એટલું કહ્યું. લાલાજી તો રૂપિયા ગણવામાં મશગુલ રહ્યા ત્યાં પંડિત અંતપ્રર્યાન થઈ ગયા.

તે રાત્રે એક વાગ્યે પંડિતજીએ ઊઠીને, તેનીસૂતેલી પત્નીનાં ગળેથી એક ચેઈન કાઢ્યો જેમાં એક ચાવી પરોવેલી હતી. પછી તેના રૂમમાં જઈને તે ચાવીથી એક પેટી ખોલી, અને તેમાં અઢીસો રૂા. ની નોટો જેમ હતી તેમ રાખી, ફરી પેટી બંધ કરી દબાતાં પગલે પાછા પત્નીના ગળામાં ચેઈન પહેરાવી, એક આળસ મરડી, મનમાં મલકાતાં–મલકાતાં સૂઈ ગયા અને બીજા દિવસના સવારના આઠ વાગ્યા સુધી તે પથારીમાં જ રહ્યા. કારણ કે મિત્રને મદદ કર્યાની સંતોષભરી ઊંઘ આવી હતી.



– બાબુ અન્નપૂર્ણાનંદ

# વિચાર શકિતનું તત્વજ્ઞાન

## વિચાર શકિત (THOUGHT POWER)

લેખક : બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદ સરસ્વતી

### ૮. નિ:સંકલ્પ યોગદશા

સામાન્ય રીતે સાધકમાં ખરેખર આધ્યાત્મિક ભૂખ જોવામાં આવતી નથી. માત્ર કંઈક માનસિક કે યોગિક શકિત મેળવવા માટે જિજ્ઞાસા હોય છે.

જયાં સુધી સાધકમાં કંઈક મેળવવા માટે અંતરમાં ઈચ્છા હોય ત્યાં સુધી તે ઈશ્વરથી ઘણે દૂર છે. નીતિ ને સદાચારનાં નિયમોનું કડક રીતે પાલન કરો.

પ્રથમ દુનિયાદારી સ્વભાવને બદલો. જો તમે તદ્દન વાસનાહીન, સંકલ્પહીન, વૃત્તિહીન બનો, જો તમારી માનસિક વૃત્તિઓ સંપૂર્ણ રીતે નાશ પામે તો શુદ્ધિથી વગર પ્રયાસે તમારી કુંડલિની ઉંચી ચડશે. મનની અશુદ્ધિને દૂર કરો. આથી તમને અંતરમાંથી મદદ ને શકિત પ્રાપ્ત થશે.

### ૯. વિકસિત સંકલ્પશકિતવાળો યોગી

જે યોગીએ પોતાની સંકલ્પશકિતનો વિકાસ કર્યો છે તેનું વ્યકિતત્વ મોહક અને આકર્ષક હોય છે. જેઓ તેનાં સહવાસમાં આવે છે તેઓ તેની મધુર વાણી, પ્રભાવશાળી ભાષણ, તેજસ્વી આંખો, ઉત્સાહી ચહેરો, મજબૂત તંદુરસ્ત શરીર, આકર્ષક રીતભાત, સદાચાર અને દિવ્ય ગુણોથી પ્રભાવિત થાય છે.

લોકો તેની પાસેથી આનંદ, શાંતિ અને શકિત મેળે છે. તેઓ તેની બોલીથી પ્રેરણા પામે છે અને માત્ર તેનાં સત્સંગથી જ તેઓ ઉન્નતિ મેળવે છે.

સંકલ્પ ગતિશીલ છે. સંકલ્પમાં મહાન બળ રહેલું છે. યોગી હિમાલયની એકાંત ગુફામાં રહેતો હોય તો પણ પોતાના પ્રબળ સંકલ્પો દ્વારા આખા સંસારની શુદ્ધિ કરી શકે છે.

લોકોને મદદ કરવા માટે પ્લેટફોર્મ પર આવી ભાષણ કરવાની અને ઉપદેશ આપવાની તેને જરૂર પડતી નથી. સત્વ પોતે જ પ્રબળ શકિત છે. જે ચક્ર બહુ જ ઝડપથી ગતિમાન હોય તે સ્થિર લાગે છે. એવું જ સત્વનું અને સાત્વિક માણસનું બળ છે.

### ૧૦. અનંતશકિત તરફ લઈ જનાર સંકલ્પરૂપી વહાણ

જીવન એ અશુદ્ધિથી શુદ્ધિ, તિરસ્કારથી વિશ્વપ્રેમ, મૃત્યુથી અમરતા, અપૂર્ણતાથી પૂર્ણતા, ગુલામીથી સ્વતંત્રતા, ભેદભાવથી અભેદતા, અજ્ઞાનથી શાશ્વત જ્ઞાન, દુ:ખથી સુખ અને નિર્બળતાથી અનંતબળ તરફ જવા માટેની યાત્રા છે. તમારો દરેક સંકલ્પ તમને ઈશ્વર નજીક લઈ જાઓ અને તમારા વિકાસક્રમમાં એક ડગલું આગળ ધપાવો !

**<u>નવી સંસ્કૃતિ માટે સંકલ્પશકિત</u>**

### ૧. દુનિયા પર શુદ્ધ સંકલ્પોની અસર

પાશ્ચાત્ય માનસ શાસ્ત્રીઓ અને મનનાં રહસ્યવેત્તાઓ સંકલ્પની શુદ્ધિ પર ઘણો ભાર મૂકે છે. સંકલ્પતની ખીલવણી એ ચોક્કસ વિજ્ઞાન છે. મનુષ્યે હંમેશા યોગ્ય સંકલ્પોને કેળવવા જોઈએ અને દરેક પ્રકારના નજીવા અને નકામા સંસારી સંકલ્પોને મનમાંથી હાંકી કાઢવા જોઈએ.

જે મનુષ્ય અશુભ વિચારોને પોતાના મનમાં સ્થાન આપે છે તે પોતાને તેમજ સામાન્ય રીતે આખી દુનિયાને ખૂબ જ નુકશાન કરે છે. તે દુનિયાનાં માનસિક વાતાવરણને બગાડી મૂકે છે. તેનાં અશુભ વિચારો દૂર અંતરે રહેનારા મનુષ્યોનાં મનમાં પણ પ્રવેશ કરે છે. કારણ કે સંકલ્પ કલ્પનાતીત વીજળિકગતિ કરે છે.

ખરાબ વિચારો સર્વ પ્રકારનાં રોગનું સીધું કારણ છે. બધા રોગ પ્રથમ તો અશુધ્ધ વિચારોમાંથી જન્મે છે. જે મનુષ્યે સારા, ભવ્ય અને દિવ્ય વિચારોને સેવે છે તે પોતાનું તેમ જ દુનિયાનું ઘણું જ ભલું કરે છે. તે પોતાના દૂર વસતા મિત્રોને પણ આનંદ અને આશા, દિલાસો અને શાંતિના આંદોલનો પહોંચાડી શકે છે.

### ૨. જગતનાં કલ્યાણ માટે સંકલ્પશકિત

કર્મ એ ક્રિયા અને સાથે સાથે કાર્યકારણનો નિયમ છે. મનુષ્યસૃષ્ટિથી નીચલી કક્ષાની બધી સૃષ્ટિ 'મનહીન' છે. આથી તે સંકલ્પ ઉત્પન્ન કરી શકે નહિ. વળી, તેને સત્ય અને અસત્યનો વિવેક પણ હોતો નથી અને શું કરવા યોગ્ય નથી, તેનું પણ તેને ભાન હોતું નથી. માટે તે કર્મ ઉત્પન્ન કરી શકે નહિ.

સંકલ્પો એ સાકરના ગાંગડા કરતાં પણ વધારે નક્કર પદાર્થ છે. તેમાં અગાધ શકિત રહેલી છે. આ સંકલ્પશકિતનો સાવચેતીપૂર્વક ઉપયોગ કરો. આથી તે તમને અનેક રીતે લાભદાયક નીવડશે. પણ આ શકિતનો ઈચ્છામાં આવે તેમ દુરપયોગ કરશો, તો જલ્દીથી તમારો અધ:પાત થશે અથવા ભયંકર પ્રત્યાઘાત થશે માટે બીજાને મદદ કરવા તેનો ઉપયોગ કરો.

### ૩. હિંમત અને પ્રેમની પ્રાપ્તિ માટે સંકલ્પશકિત

ભયના, સ્વાર્થના, વેરઝેરના, વિષયના તેમજ બીજા અશુદ્ધ વિચારોનો નાશ કરો. આ અશુભ વિચારો નિર્બળતા, રોગ, કુસંપ, નિરાશા અને ગમગીની ઉત્પન્ન કરે છે.

દયા, હિંમત, પ્રેમ અને આત્મશુદ્ધિના શુભ વિચારોનું હંમેશા સેવન કરો. આથી અશુભ વિચારો તમારી અંદર નવું ઉચ્ચ જીવન પ્રેરશે.

ભવ્ય દિવ્ય વિચારો મન પર અવર્ણનીય અસર કરશે. વિચારોને મનમાંથી હાંકી કાઢશે અને માનસિક તત્વને બદલાવી નાખશે. દિવ્ય વિચારોનાં સેવનથી મન સંપૂર્ણપણે દિવ્ય પ્રકાશયુકત બને છે.

### ૪. આદર્શ જીવન માટે સંકલ્પશકિત

ભવ્યમાં ભવ્ય વિચારોનું સેવન કરો. આથી તમારું ચારિત્ર્યપણ ઉચ્ચ થશે. તમારું જીવન પણ ઉન્નત અને આદર્શ બનશે. પણ જુદા જુદા મનુષ્યોની મનોવૃત્તિ જુદી જુદી હોય છે. મનુષ્યોની માનસિક તેમજ બૌદ્ધિક શકિત તેમજ કામ કરવાની શારીરિક શકિત ભિન્ન ભિન્ન હોય છે. માટે દરેકે પોતપોતાની પ્રકૃતિ ને શકિત અનુસાર આદર્શ નક્કી કરી સંપૂર્ણ ઉત્સાહ અને તીવ્ર કાર્યશકિત દ્વારા તેને સિદ્ધ કરવા માટે પ્રયાસ કરવો જોઈએ.

એક મનુષ્યનો આદર્શ બીજા મનુષ્યને અનુકૂળ આવે નહિ. જો મનુષ્ય પોતાની શકિત બહારનો, સિદ્ધ ન થઈ શકે એવો આદર્શ રાખે તો તે જરૂર નિષ્ફળ જવાનો. તે પોતાનો પ્રયાસ છોડી દેશે, અને પરિણામે તામસી બની જશે.

તમને તમારા જીવન માટેનો નક્કી આદર્શ હોવો જોઈએ. પછી પ્રયત્ન દ્વારા તમે તેને આ જ ક્ષણે કે ધીમે ધીમે દસ વર્ષ બાદ ભલે સિદ્ધ કરો. આ મહત્વની બાબત નથી. પણ દરેકે પોતપોતાના આદર્શ અનુસાર જીવન જીવવાને માટે બનતા પ્રયાસ કરી છૂટવા જોઈએ. તમારો બધો ઉત્સાહ, બધી શકિત અને ઈચ્છા તે આદર્શની સિદ્ધિ માટે ખરચવા જોઈએ.

તમે તમારા પોતાના માપ પ્રમાણે તમારો પોતાનો આદર્શ નક્કી કરી શકો છો. જો તમે તેમ ન કરી શકો તો, ગુરૂનો આશ્રય લો અને તે તમારી શકિતને માપ પ્રમાણે તમારા માટે યોગ્ય આદર્શ નક્કી કરી આપશે.

જેનો આદર્શ નીચો હોય તેવા મનુષ્ય પ્રત્યે તિરસ્કારની દ્રષ્ટિથી જુઓ નહિ. નૈતિક કે આધ્યાત્મિક માર્ગે ચાલવાની કોશિશ કરતો તે બાળક આત્મા હોઈ શકે. તેના આદર્શની સિદ્ધિ માટે બધી રીતે મદદ કરવી, એ તમારી ફરજ છે. તેની દ્રષ્ટિએ ઉચ્ચ એવા એના આદર્શ અનુસાર પોતાનું જીવન જીવી શકે તે માટે તમારે તેને તમારાથી બનતી બધી સહાય અને પ્રોત્સાહન આપવાં જોઈએ. આ ઘણા ખેદની વાત છે કે મોટા ભાગના મનુયષ્યોને આદર્શ જ હોતો નથી. કેળવાયેલા ગણાતા લોકો પણ દ્રષ્ટિ સમક્ષ કોઈ આદર્શને રાખતા નથી. તેઓ ધ્યેયહીન જીવન જીવે છે. આથી તણખલાની માફક આમ તેમ ગમે ત્યાં ઘસડાઈ જાય છે.

તેઓ જીવનમાં કંઈ પ્રગતિ સાધી શકતા નથી. શું આ શોકજનક સ્થિતિ નથી ? ખરેખર ઘણી શોચનીય પરિસ્થિતિ ગણાય. મનુષ્ય જન્મની પ્રાપ્તિ પણ દુર્લભ છે છતાં લોકો જીવનમાં અમુક આદર્શ નક્કી કરી તે પ્રમાણે જીવન ગાળતા નથી.

"ખાઓ, પીઓ ને મજા કરો" આ આદર્શને, વિષયભોગોમાં આસકત, ખાઉધરા ને પૈસાદાર લોકો મોટે ભાગે સ્વીકારે છે. આ આદર્શનાં અસંખ્ય અનુયાયીઓ જોવામાં આવે છેઅને તેમની સંખ્યા દિનપ્રતિદિન કૂદકે ને ભૂસકે વધતી જાય છે.


આ વિરોચનનો વાદ છે– અસુરો અને રાક્ષસોનો સિદ્ધાંત છે. આ વાદ મનુષ્યોને દુ:ખ ને શોકના અંધકામય પ્રદેશમાં લઈ જાય છે.

જે મનુષ્ય પોતાના વિચારોને ઉન્નત બનાવે છે, એક આદર્શને નજર સામે સ્થિર રાખી તે પ્રમાણે જીવન જીવે છે તે થોડી વારમાં ઈશ્વર સાક્ષાત્કાર કરવાને શકિતશાળી થાય છે.

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



# પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી



## <u>શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય</u>

૧. તમારા મનને પૂછશો કે ઈશ્વરે મને જે સંપત્તિ, સુખ આપ્યા છે તેને હું લાયક છું કે નહીં.
૨. શરીરમાં સત્વગુણની વૃદ્ધિ થાય એટલે આપોઆપ જ્ઞાનનો ઝરો ફૂટે છે.
૩. સત્વગુણ વધે છે સંયમથી–સદાચારથી
૪. લૂલી માગે તે આપશો નહીં.
૫. પથારીમાં પડયા પછી ચાર મીનીટમાં ઉંઘ આવશે એમ લાગે ત્યારે જ પથારીમાં પડો. ઉંઘ નહીં આવે તો જીવ કામ–સુખતું ચિંતન કરશે.
૬. સુવર્ણ કરતા સમયને કિંમતી ગણો.
૭. શરીરની સુંદરતા નહીં, હૃદયની સુંદરતા જુઓ. નિત્ય–સુંદ ર એક ઈશ્વર છે.
૮. શાસ્ત્રમાં પત્નીને કામપત્નિ નહીં પણ ધર્મપત્નિ કહી છે.
૯. સ્ત્રીસંગ એ કામસંગ નહી પણ સત્સંગ છે. એવી સ્ત્રી માગો કે મનને ભગવાન તરફ વાળે.
૧૦. એકલો પુરુષ કે સ્ત્રી ધર્મમાર્ગમાં આગળ વધી શકતાં નથી.

# જ્ઞાનમંજરી

## <u>ભારતનાં મહત્વનાં સ્થળો</u>

૧. ભારતનાં બીજા રાષ્ટ્રપતિ કોણ હતા ?
– ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન
૨. ભારતનાં સૌપ્રથમ ઉપરાષ્ટ્રપતિ કોણ હતા ?
– ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન
૩. ભારતનાં બીજા વડાપ્રધાન કોણ હતા ?
– શ્રી લાલ બહાદુર શાસ્ત્રી
૪. ભારતનાં સૌપ્રથમ નાયબ વડાપ્રધાન કોણ હતા ?
– સરદાર વલ્લભભાઈ પટેલ
૫. સુપ્રીમકોર્ટનાં પ્રથમ મુખ્ય ન્યાયમૂર્તિ કોણ હતા ?
– હરિલાલ કણિયા
૬. ભારત સરકારનાં બંધારણીય વડા કોણ ગણાય છે ?
– રાષ્ટ્રપતિ
૭. ભારત સરકારનાં વહીવટી વડા કોણ ગણાય છે ?
– વડાપ્રધાન
૮. રાજથના બંધારણીય વડા કોણ ગણાય છે ?
– રાજયપાલ
૯. રાજયનાં વહીવટી વડા કોણ ગણાય છે ?
– મુખ્યમંત્રી
૧૦. યુનિવર્સિટીનાં બંધારણીય વડા કોણ ગણાય છે ?
– રાજયપાલ

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## અમે મૂળિયાં, ભલે ધૂળિયાં..!

એક વિશાળ ઘટાદાર વૃક્ષ કાયમ લીલ્લુંછમ્મ રહે અને ઉંચું ઉઠતું રહે, ફેલાતું રહે, તેનું કારણ ?–ધરતીનાં પેટાળમાં ઉંડે ઉંડે અંધારામાં ધરબાયેલા તેનાં મૂળ... ધરતીમાંથી રસકસ મેળવી છેક ટોચની કૂંપળ સુધી પહોંચાડતા આ મૂળ કદી જાહેરમાં દેખાતા નથી. કોઈ તેમને ઓળખતું નથી, તેનું તેને દુ:ખ હોતું નથી.

પ્રત્યેક પ્રતિષ્ઠિત –પ્રસન્ન પરિવાર વૃક્ષ જેવો ઘેઘૂર– નવપલ્લવીત ત્યારે જ બને છે, જયારે ત્યાં મૂળ જેવા વ્હાલપભીનાં વડીલ હોય !

# અયોધ્યા રામ મંદિર

## <u>ખિમસુરીયા ઉર્વશી પ્રવિણભાઈ</u>

૧. રામ મંદિરએ એક હિન્દુ મંદિર છે જે અયોધ્યામાં ભગવાન શ્રી રામના જન્મસ્થળ પર બનાવવામાં આવી રહયું છે.
૨. ૫ ઓગષ્ટ–૨૦૨૦ ના રોજ ભારતના વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ભૂમિ પૂજન વિધિ કરવામાં આવી હતી એન રામ મંદિરનું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું.
૩. આ મંદિર 'નાગરા' સ્થાપત્ય શૈલીમાં બાંટાવામાં આવ્યું છે.
૪. મંદિર સ્થાપત્ય સોમપુરા પરિવાર દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું.
૫.આ મંદિર ૨૨૫ ફુટ પહોળું, ૩૬૦ ફુટ લાંબુ અને ૧૬૧ ફુટ ઉંચુ હશે.
૬. આ મંદિરનાં મુખ્ય આર્કિટેકટ ચંદ્રકાંત સોમપુરા અને તેમના બે પુત્રો છે, નિખિલ સોમપુરા અને આર્શિષ સોમપુરા જેઓ પણ આર્કિટેકટ છે.
૭. રામ મંદિરમાં પ્રાર્થના હોલ, 'રામકથા કુંજ, એક વૈદિક પાઠશાળા એક સંતનિવાસ, એક પતિ નિવાસ" હશે અને એક સંગ્રહાલય પણ બનાવવામાં આવ્યું હતું.
૮ માર્ચ–૨૦૨૦માં શ્રીરામ જન્મભૂમી તીર્થક્ષેત્ર પુસ્ટ દ્વારા રામ મંદિરના નિર્માણનો પ્રથમ તબક્કો શરૂ કરવામાં આવ્યો હતો.

# દામ્પત્ય ભાવના

ચિરંજીવ અમિતાબેન,

ચતુર્ણામ આશ્રમાણામ ગૃહસ્યતુ વિશિષ્યતે – જીવનનાં ચારે આશ્રમોમાં સહુથી ચડિયાતા એવા ગૃહસ્થાશ્રમમાં આપ પ્રવેશો છો તે શુભ પ્રસંગે હું આપને અભિનંદન અને આશીર્વાદ પાઠવ્યું છું.

હું એવી પણ આશિષ પાઠવું છું કે સ્વભાવનાં સુમેળ અને સનાતન સ્નેહથી તમે બંને સંસારમાં સ્વર્ગ ઉતારો કારણે કે, અનુકુલે હિ દ્વામ્પત્યે પ્રતિકુલ ન કિચ્ચન ।


લગ્નવિધિ વખતે જે સંસ્કૃત શ્લોક બોલવામાં આવ્યા હતા તેમાનાં એકમાં પણ આવો જ ભાવાર્થ છે–

વર : હે સુમુખી, હું ઐશ્વર્ય, સુસંતતિ અને સૌભાગ્યની વૃદ્ધિ માટે, તારો હાથ ગ્રહણ કરૂ છું, તું વૃદ્ધાવસ્થા સુધી મારી સાથે સુખપુર્વક રહે. જગતને ઉત્પન્ન કરનારા પરમેશ્વર અને આ સભામંડપમાં ઉપસ્થિત વિદ્વાનો તથા વડીલો, ગૃહસ્થધર્મનાં પાલનઅર્થે તારો હાથ મારા હાથમાં સોંપે છે.

વધૂ : હે ભદ્રવીર, હું આપનો હાથ ગ્રહણ કરૂ છું. આપણે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરી પ્રસન્ન અને અનુકુળ રહીશું.

એકબીજાને અનુકુળ રહેવાની આ વાત તત્વવેતા પ્લુટાર્કે પણ સરસ રીતે કહી છે. A good wife according to plutarch, should be as a looking glass to represent her husband's face and passion, If he is pleasant, she should be merry, if he laughs, she should smile, if he looks sad, she should participate.

બીજું, લગ્ન પ્રસંગે લગ્નજીવન સુખમય બને તેવા સૌ આશીર્વાદ આપે છે. અને તે વિષે બેમત નથી. પણ સુખ શોધવું કયાંથી ? સૌ સુખની શોધમાં દોડે છે. તેમ તમે પણ રખે દોડતાં, તે તો




: <u>સંપાદક</u> :
દેવેન્દ્ર એલ. ત્રિવેદી
(પુનિતપદરજ)

તમારી પાસે જ છે તમારા હૃદયમાં, તમારા પતિમાં, તમારાં સંસારમાં, તમારા ઘરમાં જ છે.

ત્યાંથી તમે સુખ નહિ મેળવી શકો તો બીજે કયાંયથી તે મળવાનું નથી અને સુખ મેળવવાની ચાવી સંતોષ છે, કારણ કે –

સંતુષ્ઠો માર્થયા ભત્રો ભાર્યા તર્થવ ચ ।
યસ્મિન્નેવ કુલે નિત્યં કલ્યાણ તંત્ર વૈ ધ્રૂવમ ॥

"લગ્ન" શબ્દ લગ ધાતુ ઉપરથી બન્યો છે. તેનો અર્થ જોડાવું તેવો થાય છે. સંસારમાં અનેક કાર્યોની સિદ્ધિ અર્થે આવું જોડાણ હોય છે.

આ જોડાણ પવિત્ર અને શાશ્વત છે. તે માટે બધા ધર્મોમાં એકમત છે. ખ્રિસ્તી લગ્ન – પ્રાર્થનામાં નીચે મુજબની યાચનાં છે – To have and to hold from this day forward, for better, for worse, for richer, for poorer, in sickness, and in health, to love and to cherish, till death us do part.'

આથી, સમજી શકાશે કે પતિ પત્નીનો સંબંધ ઘણી ઉચ્ચ ભૂમિકાએ છે, એક રીતે તે અદ્વિતીય છે. આ સંબંધ મહાકવિ ભવભૂતિએ તેનાં પ્રખ્યાત નાટક 'માલતિ–માધવ'માં નીચે મુજબ વર્ણવ્યો છે.–

પ્રેયો મિત્ર બંધુતા વા સમગ્રા, સર્વે કામા: શેવધિજીવિત વા । સ્ત્રીણાં ભર્તા ધર્મદ્રારાશ્ચ પુંસા, મિત્યન્યોન્યં ત્સયોજાતમસ્તુ ॥

આનો અનુવાદ કરવો જરા અઘરો છે તો ય –

મારા મિત્રોએ પરસ્પર યાદ રાખવું કે પત્નીમાં પતિનું અને પતિમાં સદગાણી પત્નીનું સર્વસ્વ સમાયેલું છે. – પ્રિય મિત્ર, એકરૂપ પામતા બધા સંબંધો, બધી મહેચ્છાઓની તૃપ્તિ, કિંમતી ભંડાર ના–ના, જીવન પોતે જ, જેના વગર જીવી શકાય નહિ.

આથી વિશેષ શું લખું ? તમારો નિશ્ચય એક હજો, તમારાં હૃદય એક હજો, તમારા વિચાર એક હજો, જેથી તમારૂં જીવન આનંદમય થાય, જીવન ઉપવનમાં યથેચ્છ વિહરો.એ જ,

– ભાનુભાઈ પંડયા


# ચિત્ર વાર્તા....


જાફડા જાન્વી ધો. ૬ (રૂપાયતન)

અહિં દાફડા જાન્વી ધો. ૬ (રૂપાયતન)એ એક ચિત્ર મોકલેલ છે. તેના પરથી સુંદર વાર્તા બનાવી લખી મોકલો તો બાલ એકસપ્રેસમાં છાપીએ...

# આ મારું ચિત્ર છે










જાન્વી જયંતીભાઈ દાફડા
(ધોરણ–૬–અ–રૂપાયતન સ્કૂલ, અમરેલી)

દાફડા જાન્વી, ધો.૬, રૂપાયતનમાં અભ્યાસ કરે છે તેમજ સારા ચિત્રો દોરે છે તેથી તેને અભિનંદન...

# અમરેલીના ગજેરા કેમ્પસના ધો. ૧૦ અને ધો. ૧૨ના પરીક્ષાર્થીઓ માટે 'સપનો સે સફળતા તક' સેમિનાર યોજાયો






અમરેલી શ્રીમતી શાંતાબેન હરીભાઈ ગજેરા કેમ્પસ – વિદ્યાસભામાં "સપનો સે સફલતા તક" પરીક્ષાલક્ષી માર્ગદશન તથા વિદ્યાર્થીઓને ભાવિ ઉજજવળ કારકીર્દી બનાવવા વિસ્તૃત માર્ગદર્શન મળી રહે અને બોર્ડની પરીક્ષામાં ઉતમ પરિણામ મેળવી શાળા, પરિવાર તથા જિલ્લાનુ નામ રોશન કરે તેવા શુભ આશયથી આ સેમીનારનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં શાળાના સીટી તથા હોસ્ટેલના ૧૨૦૦ જેટલા વિદ્યાર્થી ભાઈ – બહેનોએ ભાગ લઈને આ કાર્યક્રમ દ્વારા શ્રેષ્ઠ પ્રેરણા અને પ્રોત્સાહન મેળવ્યા હતા. મુખ્ય વકતા તરીકે અશોકભાઈ ગજજર 'હુ માનુ છુ' આ સત્ર અપનાવી આત્મવિશ્વાસ અને સખત પરિશ્રમથી તૈયારી કરીએ તો ધાર્યુ પરિણામ અવશ્ય મળે તે માટેના અનેક ઉદાહરણો તથા સફળ વિદ્યાર્થીઓની સઘર્ષકથા વિસ્તૃત રીતે સમજાવીને સૌને મંત્રમુગ્ધ કરતુ ઉદબોધન કર્યુ હતુ. હસમુખભાઈ રફાળીયા,વૈભવભાઈ ભુવા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ વિદ્યાર્થીઓને પરિક્ષામાં સફળ થવા માટે સમયનુંમેનેજમેન્ટ, અભ્યાસમાંએકાગ્રતાનુ મહત્વ, યાદશકિત વધારવાની પધ્ધતીઓ, ચિતાંમુકત અને ભાવિ કારકીર્દી ઘડતર માટે યોગ્ય દિશામાં પ્રયાસ કરવા વિદ્યાથીઓને સમજણ આપી હતી. આ તકે સંસ્થાના ડાયરેકટર વંસતભાઈ પેથાણીએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓને આ ઉમદા માર્ગદર્શન પરીક્ષામાં ખૂબ જ ઉપયોગી નીવડશે. પરીક્ષા પૂર્વ આયોજન કરી સર્વશ્રેષ્ઠ રીઝલ્ટ મેળવે તેવી શુભકામનાય વ્યકત કરી હતી. સંસ્થાના વિદ્યાર્થીઓનો સેમીનાર યોજવા બદલ પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ, તમામ સ્ટાફગણ અને વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવયા હતા.

### યુથ કોંગ્રેસ મહામંત્રી જુનેદ ડોડીયાની માંગ

## વડિયા આઈટીઆઈ ખાતે ડ્રાઈવિંગ લાઈસન્સ માટેની ટેસ્ટ લેવાની પ્રક્રિયા શરૂ કરો

### વડિયા વિસ્તારનાં લોકો કુંકાવાવ કે અમરેલી જવા બને છે મજબૂર

વડિયા, તા. ૨

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયામાં આઈટીઆઈનું અધ્યતન બિલ્ડીગ સાથે તેમાં વિવિધ કોર્ષ પણ ચલાવવામાં આવે છે. સરકારના વાહન વ્યવહાર વિભાગ વિવિધ આઈટીઆઈમાં ડ્રાઈવિંગ લાઈસન્સ માટેની પરીક્ષા લઈ લર્નિંગ લાઈસન્સ આપવામાં આવે છે. ત્યારે અમરેલી જિલ્લાના વડિયા એ તાલુકા મથક છે તાલુકાની મોટાભાગની કચેરીઓ પણ અહિ આવેલી છે. ઓનલાઈન પણ વડિયા આઈટીઆઈને પરીક્ષા કેન્દ્ર તરીકે દર્શાવવામાં આવે છે. છતાં વડિયા આઈટીઆઈમાં સ્થાનિક આસપાસના ગામડાઓમાં વસવાટ કરતા લોકોની લાઈસન્સ માટેની ટેસ્ટ લેવામાં આવતી નથી અને આ લોકોને કુંકાવાવ કે અમરેલી સુધી જવુ પડે છે અને સમય તથા નાણાંનો બાગાડ થાય છે. સ્થાનિક લેવલે સુવિધાઓ હોવા છતાં આ કેન્દ્ર શરૂ ના કરાતા આ માટે નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયાના વડિયા પ્રવાસ સમયે પણ સ્થાનિક આગેવાનો દ્વારા રજુઆત કરાઈ હતી. તેના ઘણા સમય પછી પણ આ જાડી ચામડીના અધિકારીને કોઈ ફરક ના પડતા હાલ સ્થાનિક ગ્રામ પંચાયત સદસ્ય અને અમરેલી જિલ્લા યુથ કોંગ્રેસના મહામંત્રી જુનેદ ડોડીયા દ્વારા રાજયના વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવી, વાહન વ્યવહાર કમિશનર, જિલ્લા આરટીઓ અધિકારીને લેખિત રજુઆત કરી વડિયા આઈટીઆઈ ખાતે ડ્રાઈવિંગ લાઈસન્સ માટેની પરીક્ષા શરૂ કરવા માંગણી કરાઈ છે. જો આ માંગણી સંતોષવામાં આવે તો સ્થાનિક લોકોને અમરેલી અને કુંકાવાવના ધક્કા મટી શકે અને સમય અને નાણાંનો બચાવ થઈ શકે.

પાના ૧ ઉપરનું ચાલું
### લાઠીનાં શાખપુર ગામે

વિદ્યાબેન ગોવિંદભાઈ રામાનુજના પુત્રી તથા ચિરાગભાઈ રમણિકલાલ દેવમુરારીના પત્નિ (ઉંમર વર્ષ ૩૩) તા. ૧ રોજ બપોરના આશરે બે વાગ્યે શાખપુર ગામે પોતાના રહેણાંક મકાનના બાથરૂમમાં પાણી ગરમ કરવાના હીટરથી ઈલેકટ્રીક શોક લાગતા ગંભીર ઈજા થતા ગારીયાધાર સામુહીક આરોગ્ય કેન્દ્રમાં સારવાર માટે ખસેડાયેલ જયાં તેમનું સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું
### લાઠીનાં વીરપુર ગામે

છોકરાઓએ આવી શેમ્પુ વહેંચવાના બહાને સોના–ચાંદીના વાસણો ધોઈ આપવાનુ કહી પ્રથમ એક ત્રાંબાની લોટી તથા એક ચાંદીની ગાય તથા ગણપતી ધોઈ આપ્યા. બાદમાં વૃધ્ધાનો સોનાનો ચેઈન આશરે ત્રણ તોલાનો તથા હાથમાં પહેરવાની સોનાની બંગડીઓ આશરે અઢી તોલાની ધોઈ આપવાનુ કહી તેના વાસણમાં ચેઈન તથા બંગડીઓ નાખી તેમાં કોઈ પ્રવાહીમા નાંખી ધોઈ આપી વૃધ્ધાના સોનાના ત્રણ તોલાના ચેઈનમાંથી આશરે ૨૦.૧૦૦ ગ્રામ સોનુ તથા અઢી તોલાની બંગડીઓમાંથી આશરે ૧૨.૩૦૦ ગ્રામ સોનુ મળી આશરે કુલ ૩૨.૪૦૦ ગ્રામ સોનુ જેની અંદાજીત કિંમત રૂા. ૧,૬૦,૦૦૦નું સોના છેતરપિંડીથી કેમીકલવાળા પાણીમાં ધોઈ અને સોનુ લઈ ગયાની ફરિયાદ નોંધાઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું
### રાજુલાના માંડરડી ગામે

ઘટના સ્થળે જ મોત થયું હતું.

અત્રે નોંધનીય બાબત છે કે મરનાર બાળક આ માતા પિતાને એકનું એક સંતાન હોય અને બંને માનસિક રીતે ભાગી ગયેલા હોય આ ગરીબ પરિવાર ઉપર આભ ફાટી નીકળ્યું હતું. ઘટનાની જાણ થતા ધારાસભ્ય હીરાભાઈ સોલંકી કાર્યાલયથી કાનાભાઈ ગોહિલ મુકેશભાઈ ગુજરીયા સરપંચ દેવાયતભાઈ લુણી રમેશભાઈ વસોયા સહિતનાં હોસ્પિટલ દોડી ગયા હતા. અને આ બાળકને પીએમ કરી અને યોગ્ય સહાય મળે તે માટે કાર્યવાહી હાથ ધરી હતી.

પાના ૧ ઉપરનું ચાલું
### લીલીયામોટાનાં રેલ્વે સ્ટેશન નજીક

રોકી દેવાની ફરજ પડી હતી.

ગેસ ટેન્કર ભરેલ માલગાડી રોકીને રેલ્વે ઈલેક્ટ્રિક લાઈન ઉપર આવેલ પ્લાસ્ટિક હટાવવાની કામગીરી રેલ્વે દ્વારા શરૂ કરાઈ હતી. બાદમાં કામગીરી પૂર્ણ થતાં જ રેલવ્યવહાર રાબેતા મુજબ શરૂ થવા પામેલ હતો.

ઈલેકિટ્રક વાયરમાં પ્લાસ્ટિક ફસાઈ જાય તો માલગાડી ટ્રેનને નુકશાની જવાની સંભાવનાઓ હોય તેવા સમયે માલગાડી ડ્રાયવરની સમયસૂચકતાથી નુકશાની અટકી હતી. ત્યારે બે બે માલગાડી થંભી જતા લીલીયા ફાટક પર ટ્રાફિક જામ સર્જાયો હતો. રેલ્વે વિભાગની અડધી કલાક ની જહેમત બાદ પ્લાસ્ટિક ઈલેકિટ્રક વાયરમાંથી દુર કરાયા બાદ માલગાડી આગળ ધપી હતી. અને બાદમાં રેલ્વે ફાટક ઉપરથી ટ્રાફિક હળવો થતાં વાહન ચાલક તથા રાહદારીઓએ રાહતનો દમ લીધો હતો.

પાના ૮ ઉપરનું ચાલું
### અમરેલીનાં ટીંબલા ગામેથી

દારૂની મેકડોવેલ્સ નં.૧ વ્હીસ્કીની ૭૫૦ એમ.એલ.ની બોટલ નંગ–૬૦ કિંમત રૂપિયા ૨૨,૫૦૦ તથા ભારતીય બનાવટની વિદેશી દારૂની ઓલ્ડ મન્ક સુપીરીયર ત્રીપલ એક્સ રમની ૭૫૦ એમ.એલ.ની બોટલ નંગ–૪૮ કિંમત રૂપિયા ૧૬,૮૦૦ મળી કુલ બોટલ નંગ–૧૬૮ જેની કુલ કિંમત રૂપિયા ૬૩,૩૦૦ તથા કાર રજી. નંબર જી.જે. ૦૧ કે.એ. ૪૨૮૪ રૂપિયા ૧,૫૦,૦૦૦ તથા મોબાઈલ ફોન નંગ–૧ રૂપિયા ૫૦૦૦ મળી કુલ રૂપિયા ૨,૧૮,૩૦૦ના મુદ્દામાલ સાથે મળી આવતા ઝડપાયેલ આરોપી વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી કરી, આરોપી ત્રિપાલ ઉર્ફે લાલો અનકભાઈ વાળા તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે. જયારે ગૌતમ કસુભાઈ વાળા અને યુવરાજ ખાચરની પોલીસે શોધખોળ આદરી છે.

પાના ૧ ઉપરનું ચાલું
### વડિયાનાં અનીડા ગામે

દરમ્યાન કોઈ અજાણ્યો ચોર ઈસમે પ્રવેશ કરી ઓશરીમાં ફીટ કરેલ લોંખડની ગ્રીલના દરવાજાનો નકુચો તોડી અને પતરાની ટંકમાં રહેલ ચાંદીના છડા જોડી નંગ–૨ આશરે કિંમત રૂપિયા ૨૦૦૦ તથા ઓફીસમાં રહેલ પતરાના કબાટનો લોક તોડી તે કબાટની અંદરની રહેલ તિજોરીમાં રાખેલ પર્સમાં રાખેલ આશરે રોકડા રૂપિયા ૨૦,૦૦૦ તથા તિજોરીમાં રાખેલ સોનાની વીંટી નંગ–૩ વજન આશરે ૭ ગ્રામ જેની આશરે કિંમત રૂપિયા ૨૨,૦૫૦ તથા સોનાનો ઓમકાર નંગ–૧ આશરે વજન ૧.૫ ગ્રામ જેની આશરે કિંમત રૂ.૪૬૫૦, રોકડ રૂપિયા તથા સોના–ચાંદીના દાગીનાની કુલ કિંમત રૂા. ૪૮,૭૦૦ ની કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

પાના ૧ ઉપરનું ચાલું
### અમરેલીમાંથી જંતુનાશક દવાનો

ખોટા બ્રાન્ડવાળી અને રજીસ્ટર કરાવ્યા વગરની તેમજ નામ વગરની અને કોઈપણ પ્રકારની મંજુરી મેળવ્યા વગરની જંતુનાશક દવા ગ્રાહકો સાથે છેતરપીંડી કરવાના બદ્ઈરાદે જંતુનાશક દવા ઉત્પાદન કરી અથવા બનાવી અથવા આયાત કરી જંતુનાશક દવાનો જથ્થો પોતાના ગોડાઉનમાં તા. ૧૦/૮/૨૩ પહેલા કોઈપણ સમયે સંગ્રહ કર્યા અંગેની મહિતી ખેતી અધિકારી અને ઈન્સેક્ટીસાઈડ ઈન્સપેક્ટર અમરેલીને મળતા તેઓએ તપાસ હાથ ધરી. આ અંગે આરોપી સાહિલભાઈ સુરેશભાઈ ટીંબડીયા સામે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં આઈપીસી કલમ ૪૨૦ તથા જંતુનાશક દવા અધિનિયમ ૧૯૬૮ ની કલમ ૧૭(૧)(એ), ૧૭(૧)(ડી), ૧૭(૨), ૧૩(૧), ૯(૧), ૧૮(૧)(સી) ૧૮(૧)(૨), ૨૯ તથા જંતુનાશક દવા નિયમો ૧૯૭૧ના નિયમ કલમ ૧૦(૩) મુજબ મુજબ ફરિયાદ નોંધાવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

પાના ૮ ઉપરનું ચાલું
### ગુજરાતની ગૃહિણીઓને ૪૫૦માં

ગુજરાત સરકાર કર્મચારીઆને કર્મયોગી તો કહે છે, ગુજરાત સરકારની આ યોજનાઆને લોકો સુધી પહોંચાડવામાં દિવસ રાત મહેનત કરતાં હોય એવા લાખો કર્મચારીઓને પણ એમ હતું કે ડબલ એન્જિન સરકાર છે, જૂની પેન્શન યોજના લાવવાની કોઈપણ વાત આ બજેટમાં કરવામાં આવી નથી.

દેવા કરીને કરવામાં આવતા સરકારી કાર્યક્રમોની ટીકા કરતાં તેમણે જણાવ્યું કે, રાજય સરકારની આવકો વધી સામે સરકારના ઉત્સવો અને તાયફા થયા અને તેનાથી લોકોને રાહતો ના મળી પણ રાજયનું દેવું વધ્યું. વર્ષ ૨૦૨૩–૨૪ માં રાજય સરકારનું દેવું હતું ૩,૭૭,૩૬૨ કરોડ રૂપિયા જેનું વ્યાજ ચૂકવવામાં આવ્યું ૨૫,૨૧૨ કરોડ રૂપિયા તો ખાલી વ્યાજ માટે ખર્ચ થયો. આ વખતનો જે અંદાજ આપવામાં આવ્યો વર્ષ ૨૦૨૪–૨૫, એ અંદાજ મુજબ રાજયનું દેવું થશે૪,૨૬,૩૮૦ કરોડ ગત વર્ષ કરતાં ૫૦,૦૦૦ કરોડનું દેવું વધારવા સરકાર જઈ રહી છે. એની સામે વ્યાજમાં પૈસા જશે એ આ વખતે ૩૫,૦૦૦ કરોડ વ્યાજમાં ખર્ચ થશે.

એવું કહેવાય કે દેવું કરીને ઉત્સવો કરવામાંઆવે છે એટલે એવું પણ બને કે દેવું ચૂકવવા માટે પણ ભવિષ્યમાં લોન લેવી પડે એવી સ્થિતિનુંનિર્માણ થાય. ગત વર્ષએ ૨૪,૦૦૦ કરોડ રૂપિયા પેન્શનમાં ચૂકવવામાં આવ્યા હતા જયારે દેવું ચૂકવવામાં ૨૫,૦૦૦ કરોડ ખર્ચ થયો એટલે કે કર્મચારીઓના પેન્શન કરતાં પણ વધુ રકમ ફકતને ફકત વ્યાજમાં જાય છે.

આ સરકારે હંમેશા ભેદભાવવાળી નીતિ રાખી છે. એકબાજુ શહેરીકરણ વધતું જાય એને પ્રોત્સાહન આપે છે અને બીજી બાજુ ગામડા તૂટતાં જાય છે તેને રોકવા માટેનું કોઈ નક્કર આયોજન નથી. અંદાજ આપ્યો કે ૨૦૪૭ સુધી ૭૫ % વસ્તી શહેરોમાં આવશે, એનો સ્પષ્ટ મતલબ છે કે અત્યારથી જ તમે ગામડા પ્રત્યે ભેદભાવ રાખો છો. ગામડા તૂટે નહીં, ત્યાં સ્થાનિક રોજગાર મળે, ત્યાં રહેવા જીવવા માટેની સારી વ્યવસ્થા અને ઈન્ફ્રાસ્ટ્રકચર મળે, શિક્ષણ આરોગ્યની વ્યવસ્થાઓ મળે એની ચિંતા નહિ કરવાની પરંતુ શહેરીકરણને પ્રોત્સાહન આપીને ગામડાઓને તોડવાની નીતિ પહેલેથી જ રહી છે.

સરકાર ધ્વારા રાજયની ૮૨ % વસ્તી સાથે કરવામાં આવતા ભેદભાવ મુદ્દે તેમણે કહ્યું કે, સરકાર સબકા સાથ સબકા વિકાસની વાતો તો કરે પણ રાજયમાં સૌથી વધુ વસ્તી એસસ/એસટી/ઓબીસી/ માયનોરીટી સમાજ છે, ૫૨ % વસ્તી બક્ષી પંચ સમાજની છે, ૭ % વસ્તી અનુસૂચિત જાતિ સમાજની છે , ૧૪% વસ્તી અનુસૂચિત જનજાતિ સમાજની છે, ૯% વસ્તી લઘુમતી સમાજની છે. આ ૮૨% વસ્તીને જયારે બજેટ આપવાનું થાય તો સરકારે કાયમ ભેદભાવ અને અન્યાય કર્યો છે. આજે જોઈએ તો બજેટની સ્પીચમાંથી સ્પસ્ટ થયું કે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની અંદરના જે નિગમો છે, એસસી/એસટી/ઓબીસી/ માયનોરીટી સમાજ ના ૮૨ % વસ્તી માટેના જે નિગમો છે એને ૨૫૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા અને બિન અનામત આયોગને ૬૦૦ કરોડ ફાળવવામાં આવ્યા. બિનઅનામત આયોગને ૬૦૦ નહિ ૬,૦૦૦ કરોડ ફાળવે તો કોઈ વાંધો હોય શકે નહિ પરંતુ ૮૨% વસ્તીને દર વખત અન્યાય શું કામ?

વારંવારની રજૂઆત, લેખિત–મૌખિક–આંદોલનો છતાં પણ આ સરકાર એસસી/એસટી/ઓબીસી/ માયનોરીટી સમાજ સાથે અન્યાય કરી રહી છે, ભેદભાવ કરી રહી છે અને ફરી એકવાર આ બજેટમાં એના દર્શન થાય છે.

દેશભરમાં ખેડૂતો માટે ભાષણ તો કરવામાં આવે કે ખેડૂતોની આવક બમણી કરી દેવામાં આવશે, ખેડૂત મારૂતિ કાર લઈને ફરતો થઈ ગયો પરંતુ આજે પણ ગુજરાતનો ખેડૂત પાયમાલ છે, દેવાદાર છે, તેને ઉત્પાદનના પૂરતા બજાર ભાવ નથી મળતા. ખેડૂત આર્થિક રીતે પાયમાલ થઈ ગયો છે, તેને આર્થિક દેવા માંથી બહાર કાઢવા માટે દેવા માફ કરવા માટેની કોઈ નક્કર આયોજન કે જોગવાઈ આ બજેટમાં જોવા નથી મળતી.

ખાસ કરીને ગુજરાતમાં આપણે ગરીબી ઓછી થઈ ગઈ એની વાત કરીએ તો ગુજરાત સરકારના બજેટના આંકડામાં જ ઉલ્લેખ થયો કે ગુજરાતમાં ફૂડ સિક્યોરીટી ૨૦૧૩ના કાયદા અનુસાર ૩.૬૧ કરોડ લોકોને એનએફએસએ હેઠળ અનાજ આપવામાં આવે છે એનો સ્પષ્ટ મતલબ છે કે ગુજરાતમાં તમે ગ્લોસી ગુલાબી પિકચર બતાવો છો. વસ્તવિકતા એવી છે કે લોકોને બે ટંકના ભોજન માટે પણ સરકારી અનાજ પર નિર્ભર રહેવું પડે છે. એ મુજબ ગુજરાતના ૭૨ લાખ પરિવારને આપણે અનાજ પૂરૂં પાડવું પડે છે એનો મલતબ કે ગરીબી નિર્મૂલન ખાલી વાતો જ છે જે ગરીબી નિર્મૂલન થવું જોઈએ એ થયું નથી. અને આ બજેટમાં પણ ગત વર્ષની જેમ યોજનાઓના નામે મોટી જાહેરાતો છે, કોઈ નક્કર આયોજન મોંઘવારી ઘટાડવા માટે, રોજગારી આપવા માટે, ખેડૂતો માટે પગભર કરવા માટે કે ગરીબી રેખાની છે જીવતા લોકોને ગરીબી રેખાથી ઉપર લાવવા માટેનું કોઈ આયોજન આમાં જોવા મળતું નથી.

### લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૨૭ | ૧૪૨૪ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૭૯૨ | ૭૯૨ |

### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૧ | ૧૪૨૯ |
| ૨ | મગફળી | ૯૦૦ | ૯૦૦ |
| ૩ | ચણા | ૧૧૨૨ | ૧૧૨૨ |
| ૪ | બાજરો | ૪૦૦ | ૪૧૦ |
| ૫ | કળથી | ૧૨૩૦ | ૧૨૩૦ |
| ૬ | એરંડા | ૧૦૬૦ | ૧૦૬૦ |

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૪૫ | ૧૨૭૬ |
| ૨ | શિંગ મોટી | ૧૦૩૦ | ૧૩૯૦ |
| ૩ | શિંગદાણા | ૧૧૭૧ | ૧૬૦૦ |
| ૪ | તલ સફેદ | ૧૭૨૫ | ૩૦૪૧ |
| ૫ | તલ કાળા | ૨૨૩૫ | ૩૨૨૬ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૮૫૦ | ૪૦૦૧ |
| ૭ | બાજરો | ૪૮૫ | ૫૨૧ |
| ૮ | જુવાર | ૫૫૧ | ૮૪૦ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૬૦ | ૬૧૪ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૫૭ | ૫૭૫ |
| ૧૧ | ચણા | ૯૫૦ | ૧૧૨૫ |
| ૧૨ | તુવેર | ૧૫૬૫ | ૨૦૨૬ |
| ૧૩ | કપાસ | ૯૯૨ | ૧૪૩૮ |
| ૧૪ | એરંડા | ૧૦૮૩ | ૧૧૦૮ |
| ૧૫ | રાયડો | ૮૦૦ | ૯૧૮ |
| ૧૬ | ઈસબગુલ | ૮૦૦ | ૧૬૦૦ |
| ૧૭ | ધાણા | ૯૦૦ | ૧૭૭૦ |
| ૧૮ | અજમા | ૧૩૩૦ | ૨૪૬૦ |
| ૧૯ | સોયાબીન | ૭૫૯ | ૮૬૬ |
| ૨૦ | મરચા લાંબા | ૧૦૧૦ | ૩૨૬૦ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૧૦૦ | ૧૪૨૫ |
| ૨ | મગફળી | ૧૧૯૫ | ૧૨૬૫ |
| ૩ | તલ સફેદ | ૨૩૩૦ | ૨૮૬૦ |
| ૪ | ઘઉં | ૪૮૨ | ૫૩૮ |
| ૫ | ચણા | ૯૩૨ | ૧૦૭૮ |
| ૬ | તુવેર | ૧૪૫૦ | ૧૯૬૦ |
| ૭ | ધાણા | ૯૯૦ | ૧૧૦૦ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૯૨ | ૧૨૮૧ |
| ૨ | તલ સફેદ | ૨૭૦૦ | ૨૭૦૦ |
| ૩ | તલ કાળા | ૨૩૦૦ | ૨૩૦૦ |
| ૪ | કપાસ | ૯૦૦ | ૧૪૧૮ |
| ૫ | બાજરો | ૪૨૧ | ૫૧૮ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૫૫ | ૬૨૧ |
| ૭ | જુવાર | ૫૧૦ | ૯૧૦ |
| ૮ | મકાઈ | ૫૦૦ | ૫૦૦ |
| ૯ | મગ | ૨૮૫૨ | ૨૮૫૨ |
| ૧૦ | મઠ | ૧૨૪૫ | ૧૨૯૧ |
| ૧૧ | અડદ | ૧૬૫૦ | ૧૮૦૦ |
| ૧૨ | તુવેર | ૧૬૦૦ | ૧૯૦૦ |
| ૧૩ | ચણા | ૯૦૦ | ૧૦૫૬ |
| ૧૪ | તલ પીળા | ૩૬૦૧ | ૩૮૧૨ |
| ૧૫ | ધાણા | ૯૫૦ | ૯૫૦ |
| ૧૬ | વટાણા | ૧૪૫૨ | ૧૪૫૨ |
| ૧૭ | સુર્યમુખી | ૭૩૦ | ૭૦૧ |
| ૧૮ | સોયાબીન | ૫૫૦ | ૮૪૫ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૮૬ | ૧૪૦૩ |
| ૨ | મગફળી | ૯૦૦ | ૧૧૦૧ |
| ૩ | ઘઉં | ૫૨૨ | ૫૩૧ |
| ૪ | ચણા | ૯૮૫ | ૧૧૦૧ |
| ૫ | તુવેર | ૧૪૧૦ | ૧૮૦૫ |
| ૬ | ધાણા | ૧૦૯૧ | ૧૦૯૧ |
| ૭ | શીંગદાણા | ૧૨૦૦ | ૧૫૧૦ |
| ૮ | જીરૂ | ૪૦૨૫ | ૪૦૨૫ |
| ૯ | મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૦ | જુવાર | ૬૫૫ | ૭૦૫ |
| ૧૧ | એરંડા | ૧૦૬૫ | ૧૦૭૬ |
| ૧૨ | મગ | ૧૪૮૦ | ૧૭૬૫ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૪૮ |
| ૨ | ચણા | ૮૯૦ | ૧૧૦૫ |
| ૩ | મગફળી | ૬૦૦ | ૧૧૦૫ |
| ૪ | તુવેર | ૧૬૭૫ | ૧૭૧૨ |
| ૫ | બાજરો | ૪૯૭ | ૪૯૭ |
| ૬ | ઘઉં લોકવન | ૪૯૯ | ૫૫૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૫૮ |
| ૮ | ધાણા | ૧૦૪૫ | ૧૧૫૫ |
| ૯ | સોયાબીન | ૮૧૫ | ૮૩૨ |
| ૧૦ | અડદ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ૧૧ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૪૦૦ |
| ૧૨ | શીંગદાણા | ૧૩૦૦ | ૧૩૦૦ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૨૭૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૨૩૧ |
| ૩ | તલ સફેદ | ૨૬૦૦ | ૩૧૦૦ |
| ૪ | કપાસ | ૧૧૦૦ | ૨૮૦૦ |
| ૫ | ઘઉં લોકવન | ૪૬૦ | ૧૪૪૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૮૦ |
| ૭ | બાજરો | ૪૦૦ | ૬૦૧ |
| ૮ | જુવાર | ૮૨૬ | ૫૩૪ |
| ૯ | મગ | ૨૦૦૦ | – |
| ૧૦ | ચણા | ૯૦૦ | ૧૧૮૦ |
| ૧૧ | તુવેર | ૧૭૦૦ | ૨૧૧૧ |
| ૧૨ | એરંડી | ૯૫૦ | ૧૧૨૫ |
| ૧૩ | ધાણા | ૯૦૦ | ૧૨૪૧ |
| ૧૪ | સોયાબીન | ૮૦૦ | ૮૬૪ |

### ખેડૂતો, શ્રમિકો, વેપારીઓને થશે ફાયદો

# અમરેલી જિલ્લા યુવા ભાજપના પુર્વ પ્રમુખ મુકેશ સંઘાણીએ બજેટને આવકાર્યુ

## મુખ્યમંત્રી અને નાણામંત્રીનો આભાર માન્યો



અમરેલી, તા. ૨

આજે ગુજરાત સરકારના નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા આજે વિધાનસભા ગૃહમાં ગત વર્ષનાં બજેટ કરતા ૧૦ ટકા જેટલો વધારો કરી ૩ લાખ ૩૨ હજાર કરોડનું માતબર બજેટ આપતાં આ વિકાસલક્ષી બજેટને અમરેલી જિલ્લા યુવા ભાજપનાં પુર્વ પ્રમુખ મુકેશભાઈ સંઘાણી દ્વારા આવકારવામાં આવેલ છે


તેઓ દ્વારા જણાવવાનું હતુ કે, ગરીબ,યુવા, અન્નદાતા, અને નારી શકિતને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવેલ છે. તેઓએ ઉમેર્યુ હતું કે, રાજય સરકારનાં બજેટમા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે રૂા.૨૧૬૯૬ની જોગવાઈ કરવામાં આવેલ છે. જયારે ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ માટે પણ રૂા.૮૪૨૩ કરોડની જોગવાઈ આ બજેટમાં કરવામાં આવેલ છે. જયારે માર્ગ અને મકાન વિભાગ માટે રૂા.૨૨૧૬૩ કરોડ અને બંદરો અને વાહન વ્યવહાર વિભાગ માટે કુલ રૂા.૩૮૫૮ કરોડની જોગવાઈ પણ બજેટમાં કરવામાં આવેલ છે.

રાજય સરકારના નાણામંત્રીએ બજેટમાં જળસપતિ વિભાગ માટે રૂા.૧૧૫૩૫ કરોડની જોગવાઈ ઉપરાંત વિજ્ઞાન અને પ્રૌદ્યોગીકી વિભાગ માટે કુલ રૂા.૨૨૪૧ કરોડની તથા કૃષિ, ખેડૂત કલ્યાણ એન સહકાર વિભાગ માટે રૂા.૨૨૧૯૪ કરોડની જોગવાઈ કરતા આ બજેટને તેઓ દ્વારા સર્વાંગી વિકાસ અને વિકસીત ગુજરાત ૨૦૪૭ નું દિશાદર્શન કરવાનું અને ગુજરાતને અગ્રેસર રાખનાર તથા પ્રજાલક્ષી બજેટને આવકારતા અંતમાં જણાવ્યું હતું.

### રાજયનાં સર્વાંગી વિકાસમાં વધારો થશે

# લાઠીનાં ધારાસભ્ય જનક તળાવીયાએ રાજય સરકારનાં બજેટને આવકાર્યુ

## મુખ્યમંત્રી, નાણામંત્રીનો આભાર માન્યો







અમરેલી, તા. ૨

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ રજૂ કરેલ બજેટ સબકા સાથ, સબકા વિકાસનાં સંકલ્પને વધારે મજબૂત બનાવતું બજેટ છે વિકસિત ભારત અને આત્મનિર્ભર ગુજરાતના ચાર સ્તંભ સમાન અન્નદાતા ખેડૂતો, યુવાનો, મહિલાઓ અને ગરીબોના સશકિતકરણને લક્ષમાં રાખી આ બજેટ રજૂ કરવામાં આવ્યું છે.

પ્રધાન મંત્રી નરેન્દ્રભાઈ મોદીના સૂત્ર જય જવાન, જય કિસાનને સાકાર કરતા કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે રૂપિયા ૨૨ હજાર કરોડથી વધુના ફંડની ઘોષણાં કરવામાં આવી છે. આ બજેટમાં મહિલાઓના સ્વાસ્થ્ય અને એમની આત્મનિર્ભરતાને વધુ મહત્વ આપવામાં આવ્યું છે. સગર્ભા બહેનો માટે નમોશ્રી યોજનાની જાહેરાત કરવામાં આવી છે, ગરીબો માટે પોતાનું ઘર હોય તે સ્વપ્નને સાકાર કરવા માટે પ્રધાનમંત્રી આવાસ યોજનાને વધુ મહત્વ આપવામાં આવ્યું છે. આંગણવાડી ૨.૦૦ યોજના હેઠળ આગામી ૩ વર્ષમાં નવી ૮ હજાર આંગણવાડીનું નિર્માણ કરવા પણ ઘોષણા કરવામાં આવી છે, નમોલક્ષ્મી અને નમોસરસ્વતી જેવી નવી યોજનાઓ અમલમાં મુકવામાં આવશે.

અયોધ્યા ખાતે પ્રભુશ્રી રામના દર્શને જતા દર્શનાર્થી માટે રૂા.૧૦ કરોડના ખર્ચે ગુજરાતી ભવન નિર્માણ કરવામાં આવશે, યુવાનોના સપનાને નવી પાંખો મળે તે માટે રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે રૂા.૭૬૭ કરોડની ઘોષણા કરવામાં આવી છે, ગુજરાતના નાગરિકોના આરોગ્યની સુખાકારી માટે ૨૦ હજાર કરોડથી વધુ રકમની ઘોષણા કરવામાં આવી છે આજે રજૂ થયેલું બજેટ વિકસિત ભારત ના સંકલ્પને સાકાર કરવા અને ગુજરાતના વિકાસને બમણી ગતિથી વેગ આપશે અને ગુજરાત રાજયના કરોડો નાગરિકોના સપનાં અને આકાંક્ષાઓને પૂર્ણ કરવામાં મદદરૂપ સાબિત થશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત અને વીસીટ ગુજરાતના સંકલ્પને ગતી આપનારું આ બજેટ ગુજરાતના અમૃતકાળને ચોક્કસ કર્તવ્યકાળ બનાવશે ! આ ગુજરાત સરકારનું અત્યાર સુધીનું સૌથી મોટું અને ઐતિહાસિક બજેટ નિશ્ચિતપણે સૌની આશા,અપેક્ષાઓ પરિપૂર્ણ કરનારું બની રહેશે. તેવી આશા સાથે આ બજેટને હું આવકારું છું અને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાણાં મંત્રી કનુભાઈ દેસાઈને અભિનંદન પાઠવું છું.

### સૌ પ્રથમ સૌથી વધુ રકમનું બજેટ

# રાજય સરકારનાં વાર્ષિક બજેટને યુવા નેતા મનિષ સંઘાણીએ આવકાર્યુ

## ગરીબ, યુવા, અન્નદાતા અને નારીલક્ષી યોજના ઉપર ભાર મુકાયો



અમરેલી, તા. ૨

ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારના ગુજરાતના નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા અત્યાર સુધીનું સૌથી મોટું બજેટ રજુ કર્યુ છે. જેમાં રાજય સરકારે ૭ નવી મેટ્રોપોલિટન મ્યુનિસિપાલિટીની જાહેરાત કરી છે. જેમાં નવસારી, ગાંધીધામ, મોરબી, વાપી, આણંદ, મહેસાણા, સુરેન્દ્રનગર અને વઢવાણને મહાનગર પાલિકાનો દરજ્જો મળશે. નાણાં પ્રધાને તેમના બજેટમાં કૃષિ ક્ષેત્ર માટે ૨૨,૧૯૪ કરોડ રૂપિયા ફાળવ્યા છે. આ વર્ષના બજેટમાં રાજય સરકારે વડાપ્રધાનના નામે યોજનાઓ શરૂ કરવાની જાહેરાત કરી છે, જેમાં નમો લક્ષ્મી, નમો સરસ્વતી, નમો શ્રી યોજનાઓ સામેલ છે. અયોધ્યાધામમાં ગુજરાતી યાત્રિકો માટે ગુજરાત ભવન બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. આ માટે ૫૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. બાળ મૃત્યુદર અને માતા મૃત્યુદર ઘટાડવા માટે, સગર્ભા સ્ત્રીઓને સંસ્થાકીય પ્રસૂતિ માટે અને પછી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવશે. પ્રસૂતિ દીઠ મહિલાઓને ૧૫,૦૦૦ રૂપિયા અને આશા વર્કરોને ૩,૦૦૦ રૂપિયા પ્રોત્સાહન તરીકે આપવામાં આવશે. આ માટે રાજય સરકારે બજેટમાં ૫૩ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. ગિફટ સિટી અને તેની આસપાસના વિકાસ માટે બજેટમાં ખાસ જાહેરાત કરવામાં આવી છે, જેમાં ૩૩૦ એકરમાં આયોજનબદ્ધ બ્રિજ બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. આ માટે ૧૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. બજેટમાં રાજયમાં ૨૫૦૦ નવી એસટી બસો સાથે મેટ્રોના વિસ્તરણની જાહેરાત કરવામાં આવી છે. સાબરમતી રિવરફ્રન્ટને વિશ્વનો સૌથી મોટો રિવરફ્રન્ટ બનાવવામાં આવશે. રિવરફ્રન્ટ અમદાવાદના ઈન્દિરા બ્રિજથી ગાંધીનગર સુધી લંબાશે. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ ૧૦ લાખ રૂપિયા સુધીની મફત સારવાર મળશે. બજેટમાં હેલ્થ બજેટમાં ૩૨.૪૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. બજેટમાં શિક્ષણમાં સુધારો કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ માટે નાણાં પ્રધાને ૫૫,૧૧૪ કરોડ રૂપિયા ફાળવ્યા છે. કેન્દ્ર સરકારની તર્જ ઉપર બજેટમાં GYAN એટલે કે ગરીબ, યુવા, અન્નદાતા અને નારીલક્ષી યોજનાઓ ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો. ત્યારે આ અત્યાર સુધીના ગુજરાતનું સૌથી મોટા બજેટને આવકારતા યુવા નેતા મનીષ સંઘાણી.

# રાજુલાની મહિલા આર્ટસ તથા કોમર્સ કોલેજ ખાતે આનંદ બજાર યોજાઈ



રાજુલા, તા. ૨

રાજુલા એજયુકેશનલ ટ્રસ્ટ સંચાલિત સૌરાષ્ટ્ર યુનવર્સિટી સંચાલિત શ્રીમતી એચ.બી.સંઘવી મહિલા આર્ટસ તથા કોમર્સ કોલેજ ખાતે તાલુકા શિક્ષણ અધિકારી ડો.હિનાબેન ચાવ તથા સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી તથા કેમ્પસ મેનેજર રવિ ભાઈ વ્યાસ તથા કેમ્પસ ડાયરેક્ટર ડો. જીજ્ઞેશ ભાઈ વાજા અતિથિ વિશેષ શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા જાગૃતિબેન રાજયગુરૂ તથા જનરલ હોસ્પિટલ સુપ્રિટેન્ડેન્ટ ડો.જેઠવા તથા માનવ મંદિરનાં સ્થાપક ભકિતરામ બાપુ તથા સેડી સંસ્થાનાં પ્રિન્સિપાલ પવનકુમાર ચતુર્વેદી તેમજ યોગેશભાઈ કાનાબાર તથા પોલીસકર્મી પ્રતાપભાઈ મેગળ તથા મહાનુભાવો તથા વાલીઓની ઉપસ્થિતિમાં ભવ્યાતિ ભવ્ય રીતે ઉજવાયો. કાર્યક્રમની શરૂઆત ભાવવાહી પ્રાર્થનાથી થઈ હતી. પુષ્પગુચ્છથી સ્વાગત બાદ પ્રિન્સિપાલ ડો.રીટા બેન રાવળ દ્વારા મહેમાનોને આવકારી આનંદ બજારનો હેતુ દીકરીઓને આત્મ નિર્ભરતા–લઘુ ઉદ્યોગથી સ્વાવલંબનની દિશા આપવાનો રહેલ. આ સાથે સંસ્થાની પ્રગતિનો ચિતાર રજૂ કરેલ. ભકિતરામ બાપુ નાં આશીર્વચન આ તકે પ્રાપ્ત થયેલ અતિથિ વિશેષનું પ્રાસંગિક ઉદ્‌બોધન તથા સેક્રેટરીનું ઉદ્‌બોધન રહેલ. અધ્યક્ષ મહોદય હિનાબેન ચાવનું પ્રાસંગિક ઉદ્‌બોધન તથા સમારંભને શુભેચ્છાઓ વ્યકત કરેલ. કાલેજ દ્વારા ઉદ્યોગલક્ષી તાલીમની પ્રસંશા કરેલ. વિવિધ સ્ટોલની મુલાકાત લીધેલ. કાર્યક્રમની આભાર વિધિ પ્રોફેસર કૃપાબેન ધુમડીયા એ કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૃપાબેન ત્રિવેદીએ કરેલ. એન.એસ.એસ ટીમ તથા પ્રાધ્યાપકો એ જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવેલ.

### ઉત્સાહી ધારાસભ્ય જનક તળાવીયા કામ શરૂ કરાવે તેવી માંગ

# દામનગર : દહીથરા–કાચરડી માર્ગનું કાર્ય મંજુર થયું હોય શરૂ કરવા માંગ

## લોકસભાની ચૂંટણી પહેલા જ કામ શરૂ થાય તો સારૂ



અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લામાં ભા.જ.પ. ના શાસનમાં રોડ–રસ્તાના કામો ફટાફટ કરવામાં આવી રહ્યા છે, ત્યારે હવે દામનગર – ઢસા હાઈવે વચ્ચે આવેલા દહીંથરા ગામથી કાચરડી સુધીના ખખડી ગયેલા માર્ગનું (મંજૂર થયેલ હોય..!) નવિનીકરણ કરવામાં આવે એવી લાગણી સાથે માગણી છે. લોકસભા – ૨૦૨૪ ની ચૂંટણી નજીક હોય–જાહેર થાય તે પહેલાં આ કામ થઈ જશે એવી આશા છે.

### બગસરાની સાયન્સ કોલેજમાં પ્રથમ પગાર મેળવતા

# ભૈ વાહ : અમરેલીનાં લાલાવદર ગામની શાળાને પૂર્વ વિદ્યાર્થીએ રૂપિયા ૭૫ હજાર અર્પણ કર્યા

## પશુપાલક પિતાનાં પુત્રએ તેમની શાળાનાં બાળકોને મદદ કરી



મતિરાળા, તા. ૨

અમરેલીના લાલાવદર ગામ રહેતા કડવાભાઈ રાઠોડ પશુઓ ચરાવી સમગ્ર પરિવારનું ગુજરાન ચલાવે છે તેઓનાં પુત્ર ડો.ગોપાલભાઈ રાઠોડ ઉચ્ચ અભ્યાસ કરી બગસરાની ગર્વમેન્ટ સાયન્સ કોલેજમાં પ્રોફેસરની નોકરી મેળવી હતી. આ પ્રોફેસરનો પ્રથમ પગાર ૭૫૦૦૦ હજાર આવ્યો હતો. આ પગાર શાળાનાં બાળકો પાછળ વાપરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ માટે સ્પોર્ટસ સ્કુલ યુનિફોમ આપી બાળપણની શાળા અને પરિવારનું ઋણ અદા કર્યુ છે.ગ્રામજનો અને સરપંચે યુવકનું સન્માન કર્યુ હતું લાલાવદરના સરપંચ મંજુલાબેન માઘડ, ઉપસરપંચ ચેતનભાઈ ધાનાણી અને શાળાના આચાર્ય રાજેશભાઈ પડસાળા એ સન્માન કર્યુ હતું.

### અમરેલીનાં સાંસદ દ્વારા આવકાર

# ગુજરાતનાં નાણામંત્રીએ રજૂ કરેલ બજેટથી રાજયનો સર્વાંગી વિકાસ થશે

## નમો લક્ષ્મી યોજના, નમો સરસ્વતી અને નમોશ્રી યોજનાથી ફાયદો



અમરેલી, તા. ૨

અમરેલીના સાંસદ નારણભાઈ કાછડીયાએ ગુજરાતના વર્ષ ૨૦૨૪–૨૫ના બજેટને સાતત્યપૂર્ણ વિકાસ દ્વારા વિકસિત ભારત ૨૦૪૭ના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને સાકાર કરનારું બજેટ ગણાવ્યું છે. સાંસદએ નાણાંમંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ વિધાન સભાગૃહમાં રજૂ કરેલા રાજયના બજેટને આવકારતા કહ્યું કે સમગ્ર સમાજના સર્વગ્રાહી વિકાસ સાથે ખાસ કરીને ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશકિતને વિશેષ પ્રાધાન્ય આપીને તેમના વિકાસને પ્રોત્સાહિત કરતું આ બજેટ છે. તેમણે ઉમેર્યુ હતું કે ગયા વર્ષે ઐતિહાસિક રૂપિયા ૩ લાખ કરોડનું વિકાસલક્ષી બજેટ આપ્યું હતું. આ વર્ષે ફરી એકવાર તેમાં ૧૦ ટકાનો વધારો કરીને ૩ લાખ ૩૨ હજાર કરોડની માતબર જોગવાઈઓવાળું બજેટ જનતા જનાર્દનની સેવામાં અમે લાવ્યા છીએ.

ગુજરાતે પ્રુડન્ટ ફાયનાન્સિયલ મેનેજમેન્ટનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડયું છે, તેની સરાહના કરતા ઉમેર્યુ કે ગુજરાતનું જાહેર દેવું અત્યાર સુધીના વર્ષોમાં સૌથી ઓછું થયું છે. ૨૦૨૨–૨૩ના હિસાબ ફાઈનલ થયા છે, તે મુજબ રાજયનું કુલ દેવું જી.એસ.ડી.પી.ના ૧૫.૧૭ ટકા છે. પાછલાં દસ વર્ષનું આ સૌથી ઓછું દેવું છે અને દેશનાં સૌથી ઓછું દેણું ધરાવતાં ત્રણ મોટાં રાજયોમાં ગુજરાતે સ્થાન મેળવ્યું છે. ગુજરાતના ફિસ્કલ રિસ્પોન્સિબિલિટી અને બજેટ મેનેજમેન્ટ એકટ મુજબ વિધાનસભાએ રાજય સરકારને જી.એસ.ડી.પી.નાં ૨૭ ટકા સુધી દેવું વધારવા માટે છૂટ આપેલી છે.

આમ છતાં ગુજરાત સરકારે માત્ર ૧૫.૧૭ ટકાનો જ ઉપયોગ કર્યો છે. દેશના ૨૧ રાજયોમાં આ આંકડો ૨૭ ટકાથી વધારે છે, ત્યારે ગુજરાતે નાણાંકીય શિસ્તનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે, તેનું તેમણે ગૌરવ કર્યુ હતું.

ગુજરાતમાં આપણી ભાવિ પેઢી પોષણક્ષમ હોય, સ્વસ્થ હોય તેમાંય માતાઓ અને બાળકોના સંગીન સ્વાસ્થ્યને અગ્રતા આપતાં સુપોષિત ગુજરાત મિશન જાહેર કર્યુ છે. તેમજ સ્વસ્થ, સમૃદ્ધ અને વિકસિત ગુજરાત ૨૦૪૭માં કિશોરીઓની ભૂમિકા મહત્વની છે. આપણે આવી દીકરીઓના પોષણ, આરોગ્ય અને શિક્ષણ, ત્રણેયને પ્રોત્સાહિત કરવાનો હોલિસ્ટિક એપ્રોચ અપનાવ્યો છે. આ માટે ત્રણ નવી યોજનાઓ, નમો લક્ષ્મી યોજના, નમો સરસ્વતી યોજના અને નમોશ્રી યોજના જાહેર કરી છે.

સાંસદએ વધુમાં જણાવેલ છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સ્વચ્છતાનો સંદેશ ઘેર–ઘેર ગૂંજતો કરીને સ્વચ્છતા માટેના જનઆંદોલનથી સ્વચ્છ ભારતની જ પ્રતિબદ્ધતા દર્શાવી છે, તેને ગુજરાતમાં વેગ આપવા નિર્મળ ગુજરાત ૨.૦ અભિયાન માટે આ વર્ષના બજેટમાં પણ બે ગણો વધારો કર્યો છે અને રૂપિયા ૨૫૦૦ કરોડનું પ્રાવધાન કર્યુ છે.

અંતે સર્વાંગી અને સર્વસમાવેશી વિકાસથી વિકસિત ગુજરાત એટ ૨૦૪૭નું દિશાદર્શન કરનારું અને વિકસિત ભારતના નિર્માણમાં વિકસિત ગુજરાતને અગ્રેસર રાખનારું મહેસૂલી પૂરાંતવાળું બજેટ આપવા બદલ સાંસદ નારણભાઈ કાછડિયાએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ અને તેમની ટીમનો આભાર વ્યકત કરી, અભિનંદન પાઠવ્યા છે.

### ભાગવતાચાર્ય સ્વ. ઈન્દુભાઈ જોષીની પ્રથમ પૂણ્યતિથિ નિમિત્તે

# લાપાળિયા પ્રાથમિક શાળાને જોષી પરિવાર દ્વારા નવા કોમ્પ્યુટર સેટની ભેટ

## બાળકોને બાલવાટિકા નામનું જ્ઞાનસભર પુસ્તક પણ અપાયું



અમરેલી, તા. ૨

અમરેલીનાં લાપાળિયા ગામે ભાગવતાચાર્ય સ્વ. ઈન્દુભાઈ જોષીની પ્રથમ પૂણ્યતિતિ નિમિતે જોષી પરિવાર ધ્વારા પ્રાથમિક શાળાને નવા કોમ્પ્યુટર સેટની ભેટ આપવામાં આવી છે અને તમામ બાળકોને એક જ્ઞાનસભર પુસ્તક પણ આપવામાં આવ્યું હતું. મુળ અમરેલીનાં લાપાળિયા ગામના વતની અને હાલમાં અમરેલી રહેતા ભાગવતાચાર્ય ઈન્દુભાઈ જોષીએ ઘણી ભાગવત કથાઓ વાંચીને ભાગવત કથાકાર તરીકે રાજયમાં ખ્યાતી પ્રાપ્ત કરી હતી. લાપાળિયા ગામ તેમનું વતન છે અને પછી તેઓ અમરેલી સ્થાયી થયા હતા. એક વર્ષ પહેલા તેમનો સ્વર્ગવાસ થયા બાદ પ્રથમ પૂણ્યતિથિ નિમિતે જોષી પરિવાર ધ્વારા ગામની પ્રાથમિક શાળાને ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે લાપાળિયા પ્રાથમિક શાળા ખાતે યોજાયેલ કાર્યક્રમમાં પરિવારનાં અમરેલી જાહનવી સંસ્કૃત પાઠશાળાના આચાર્ય કપિલભાઈ જોષી, સંગીતાબેન પંડયા, પાયલ જોષી તેમજ મોભી અને વડીલ તરીકે સરલાબેન ઠાકરની વિશેષ ઉપસ્થિતિમાં શાળાને કોમ્પ્યુટર સેટ ભેટ આપવામાં આવ્યો હતો. આ કોમ્પ્યુટર સેટ માટે જિજ્ઞાસાબેન જોષી ધ્વારા પણ અનુદાન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત શાળાના તમામ બાળકોને પાયલ જોષી તરફથી બાલવાટિકા નામના જ્ઞાનસભર પુસ્તકની પણ ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય શિવલાલભાઈ વિરાણી ધ્વારા જોષી પરિવારનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

### એક મહિનામાં ૭૫૦ કિ.મી.નું અંતર કાપીને

# મુંબઈથી ભુરખિયા હનુમાન મંદિર સુધી પહોંચેલ પદયાત્રાનું અનેરૂ સ્વાગત

## મંદિરનાં પુજારી અને ગામજનોએ કર્યુ સ્વાગત



દામનગર, તા. ૨

ગણપતિ બાપ્પા મોરિયાના નાદ સાથે તા.૦૧–૦૧–'૨૪ ના રોજ સવારના સિદ્ધિ વિનાયક મંદિર મુંબઈથી દર્શન કરી પ્રસ્થાન થયેલ પદયાત્રીઓ – ભુરખિયા હનુમાનજી મંદિરના પૂજારી વિપુલબાપુ અને હનુમાનજી દાદાના ભકતો ૨૭માં દિવસે દામનગર નજીકના સ્વયમ્ પ્રગટ શ્રી ભુરખિયા હનુમાનજી મંદિરે આવી પહોંચતા તેઓનું ગ્રામજનો–ભકતો અને દર્શનાર્થીઓ ઢોલ – નગારા અને શરણાઈના સૂરો સાથે ભવ્યાતિભવ્ય સ્વાગત કર્યું હતું. પદયાત્રીઓ ભુરખિયા હનુમાનજી દાદાના દર્શન કરી, યજ્ઞ કર્યો હતો. અને વિશ્વના કલ્યાણ – સુખ – સમૃદ્ધિ અને શાંતિ માટે પ્રાર્થના કરી હતી.આ અવસરે પૂજારી પરિવારે પદયાત્રી વિપુલબાપુ અને બીજા યાત્રીઓને સાફા પહેરાવી જય શ્રી સીયારામ – શ્રી ભુરખિયા દાદાની જય–જય હો ના મંત્રથી આનંદ મેળવ્યો હતો.

## રાજયમાં કરોડની સંખ્યામાં રહેલ ગૃહિણીઓમાં નિરાશા ઉભી થઈ

# લ્યો બોલો : ગુજરાતની ગૃહિણીઓને ૪૫૦માં ગેસ સીલીન્ડર આપવાની જાહેરાત ન થઈ

### રાજયમાં કાળઝાળ મોંઘવારી, બેકાબુ બેરોજગારી છતાં બજેટમાં તેનું કોઈ નિરાકરણ દર્શાવાયું નથી

### રાજયનાં લાખો કર્મચારીઓની જુની પેન્શન યોજના શરૂ કરવાની માંગ પણ સ્વીકારવામાં ન આવી

### રાજયમાં માત્ર શહેરી વિસ્તારોનો વિકાસ થાય અને ગ્રામીણ વિસ્તારમાં માળખાકીય સુવિધા ઉભી કરાતી નથી

### કોંગી ધારાસભ્ય અમિત ચાવડાએ રાજય સરકારનાં બજેટને નિરાશાજનક ગણાવ્યું

ગાંધીનગર, તા. ૨

કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ આજે રાજય સરકારના રજૂ થયેલા બજેટ વર્ષ ૨૦૨૪–૨૫ મુદ્દે પત્રકારોને જણાવ્યું કે, રાજયમાં મહેસૂલી ટેક્સની આવકમાં ખૂબ જ વધારો થયો છે, સામે લોકોને રાહતો આપવામાં સરકારે ખૂબ કંજુસાઈ કરી છે. જો સરકારે ખોટા ખર્ચા ઘટાડયા હોત તો, પ્રજાને રાહત આપી હોત અને પછી



પુરાંતવાળા બજેટના ગુણગાન કે વાહવાહી કરી હોત તો લોકોને આનંદ થાય. પરંતુ આવકો વધી, પ્રજાને કોઈપણ જાતની રાહત ન મળી. પ્રજાને અપેક્ષા હતી કે ગત વર્ષના બજેટમાં પણ ખાલી જાહેરાતો થઈ પણ આ વર્ષના બજેટમાં કઈ ચોક્કસ મળશે. પ્રજાની બે જે મુખ્ય બે સમસ્યાઓ છે કે મોંઘવારી અને બેરોજગારી. મોંઘવારીમાંથી છુટકારો મળશે અને યુવાનોને રોજગારી મળશે પરંતુ આ બંને આશાઓ ઠગારી નીકળી.

તેમણે મોંઘવારી અને બેરોજગારી મુદ્દે સરકારના બજેટને ટાંકીને કહ્યું કે રાજયમાં જનતા મોંઘવારીનો માર સહનકરી રહી છે, જનતાને આશા હતી કે આ બજેટમાં ગૃહિણીઓને ૪૫૦ રૂપિયામાં ગેસનો બોટલ મળશે પરંતુ ગૃહિણીઓની આશાઓ પર પાણી ફેરવી દીધું. કોઈપણ જાતની રાહત એમાં આપવામાં આવી નથી. લાખો બેરોજગાર યુવાનો રાહ જુએ છે અને ભરતીની તૈયારી કરે છે અને એવા યુવાનોનું ભવિષ્ય સુદ્રઢ થાય એવું કોઈ નક્કર આયોજન જોવા મળ્યું નથી.

કર્મચારીઓને કર્મયોગી કહેતી સરકાર મુદ્દે તેમણે જણાવ્યું કે,

(અનુસંધાન પાના ૬ ઉપર)


NATIONAL INSTITUTE OF OPEN SCHOOLING
(N.I.O.S)
ધો. ૧૦/ધો. ૧૨
સામાન્ય પ્રવાહ / વિજ્ઞાન પ્રવાહ
એડમીશન માટે સંપર્ક : 94272 49256
શ્રી તુન્ની વિદ્યામંદિર
જેશીંગપરા, રંગપુર રોડ, અમરેલી.–૩૬૫૬૦૧


## એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# અમરેલીનાં ટીંબલા ગામેથી વિદેશી દારૂની ૧૬૮ બોટલ સાથે એક આરોપીની અટકાયત

### અન્ય ૨ આરોપીઓની પોલીસે શોધખોળ આદરી

અમરેલી, તા. ૨

અમરેલી એલ.સી.બી.



પોલીસ ઈન્સ્પેકટર એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમને આજે વહેલી સવારે બાતમી રાહે હકીકત મળેલ કે, અમરેલી તાલુકાના ટીંબલા ગામે રહેતો ત્રિપાલ અનકભાઈ વાળા પોતાના હવાલાની કારમાં ગેરકાયદેસર ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો હેરફેર કરી, વેચાણ કરે છે. જે બાતમી હકિકત આધારે ટીંબલા ગામે વોચમાં રહી હકિકતવાળી કારને કાર ચાલક સાથે પકડી પાડી હતી. જે કારમાં તલાસી લેતાં ભારતીય બનાવટની વિદેશી દારૂની રોયલ સ્ટેગ સુપીરીયર વ્હીસ્કીની ૭૫૦ એમ.એલ.ની બોટલો નંગ–૬૦ કિંમત રૂપિયા ૨૪,૦૦૦ તથા ભારતીય બનાવટની વિદેશી

(અનુસંધાન પાના ૬ ઉપર)


Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ
આજનો ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ (૧૦ ગ્રામ)
55,690/-
અમરેલી
વધુ માહિતી માટે
૬૩૫૨૪ ૩૧૩૬૬



હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે
મેડીકલ ઓફીસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
પગાર ધોરણ : ૧૩,૫૦૦/- થી ૧૬,૦૦૦/-
લેડીઝ પર્સન : દિવસ માટે (Day shift)
જેન્ટસ પર્સન : રાત્રી માટે (Night shift)
રિસેપ્સનિસ્ટ - ૧
કમ્પ્યુટર/૧૨ પાસ
પગાર ધોરણ : ૭,૦૦૦/- થી ૮,૦૦૦/-
મેડીકલ સ્ટોર
જેન્ટ્સ પર્સન : દિવસ માટે (Day shift)
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહીં
નારી
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.


## માતા–પિતાનાં એકમાત્ર સંતાનનાં મોતથી શોક છવાયો

# અરેરાટી : રાજુલાના માંડરડી ગામે જીવતો વીજ વાયર માથે પડતાં પાંચ વર્ષના બાળકનું મોત

### અતિ ગરીબ સ્થિતિમાં રહેતા પરિવાર પર આફત ત્રાટકી

અમરેલી, તા.૨

રાજુલાના માંડરડી મુકામે વીજવાયર પડતા પાંચ વર્ષનાં બાળકનું કમ કમાટી ભર્યુ મોત થયું હતું. રાજુલા સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો અને પીએમ ની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

જાણવા મળતી વિગત મુજબ રાજુલાના માંડરડી મુકામ વાડીમાં કામ કરી રહેલા જગદીશભાઈ જીવભાઈ બારૈયાના પુત્ર ધાર્મિક જગદીશભાઈ બારીયા ઉમર વર્ષ ૫ ત્યાં વાડીમાં રમતો હોય ત્યાં માથેથી પસાર થતી ઈલેવન કેવીનો વાયર એની માથે પડતા તેને બચાવવા માટે તેના પિતા પણ આવતા તેને પણ શોક લાગ્યો હતો. જયારે આ પાંચ વર્ષનાં બાળકનું

(અનુસંધાન પાના ૬ ઉપર)

## એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

# સાવરકુંડલાનાં ખાદી કાર્યાલય ફાટક નજીકથી વિદેશી દારૂ સાથે નીકળેલ કારને ઝડપી લેવાઈ

### એક આરોપીની અટકાયત અને અન્ય એકની શોધખોળ

અમરેલી, તા. ૨

સાવરકુંડલાનાં ખાદી કાર્યાલય રેલ્વેફાટક નજીકથી પસાર થઈ રહેલ કારની તલાશી લેવાતાં તેં વિદેશી દારૂની કુલ ૫૫ બોટલ હોવાથી આરોપી ફરીદભાઈ ઉર્ફે ફરીજ પઠાણની અટકાયત કરવામાં આવી છે. અન્ય એક આરોપી ફિરોઝભાઈ રે. શિહોરની



શોધખોળ આદરી છે.

આ કામગીરી સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એસ.એમ. સોની તથા એએસઆઈ કિરણભાઈ બકુલભાઈ ગઢવી તથા હેડ કોન્સ્ટેબલ રમેશભાઈ બીજલભાઈ, પોલીસ કોન્સ્ટેબલ રવીભાઈ કિશોરભાઈ ધ્વારા કરવામાં આવેલ છે.


આમ આદમીનું અખબાર
અમરેલી amreli express એક્સપ્રેસ
આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના





સચોટ-સટીક
સાતત્યસભર દૈનિક
વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૪
લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...
સાવરકુંડલામાં
એજન્ટ/પત્રકારની નિમણુંક થયેલ છે





કેવલ વેલાણી
(સાવરકુંડલા)
સાવરકુંડલા શહેરમાં ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિકના પત્રકાર કમ એજન્ટ તરીકે કેવલ વેલાણી ની નિમણુંક કરવામાં આવી હોય પ્રેસનોટ, અવસાનનોંધ, જાહેરખબર અને વર્તમાનપત્ર મેળવવા માટે સંપર્ક કરો.
કેવલ વેલાણી
મો. ૯૯૯૮૭ ૭૮૨૮૧–સાવરકુંડલા
લવાજમની મુદ્દત
તા.૦૧–૦૧–૨૦૨૪
થી
તા.૩૧–૧૨–૨૦૨૪
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)